ગુરૂવાર, 19 ફેબ્રુઆરી, 2026 ફાગણ સુદ બીજ

"વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર"

ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.





# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ❋ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ❋ RNI NO : GJGUJ/25/A1447 ❋ Vist : www.dailypulse.org.in

રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❋ Follow : @dailypulsenews24 ❋ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ❋ કિંમત : મફત


## ગૂગલ ભારતમાં પાંચ બિલિયન ડૉલરનું રોકાણ કરીને દેશને ગ્લોબલ એઆઈ હબ તરીકે વિકસાવશે

ભારતની ટેકનોલોજી સફરમાં એક નવો અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે. નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ચાલી રહેલા 'ઈન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026' માં ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ ભારતને એઆઈ ક્ષેત્રે મહાસત્તા બનાવવા માટે 5 બિલિયન ડૉલરના ઐતિહાસિક રોકાણની જાહેરાત કરી છે. ગૂગલ અને ડિપમાઈન્ડ આગામી પાંચ વર્ષમાં આ જંગી રકમ ભારતના એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માનવ સંસાધન વિકાસ પાછળ ખર્ચશે. આ જાહેરાત બાદ સુંદર પિચાઈએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી ભારતને ગ્લોબલ એઆઈ હબ બનાવવાના રોડમેપ પર ચર્ચા કરી હતી. આ રોકાણની સૌથી મોટી અસર આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં જોવા મળશે, જ્યાં ભારતનું પ્રથમ મેગા એઆઈ ડેટા સેન્ટર સ્થાપવામાં આવશે. આ સેન્ટર એઆઈ મોડલ્સની ટ્રેનિંગ અને હાઈ-સ્પીડ ક્લાઉડ સર્વિસ માટે એશિયાનું સૌથી મોટું કેન્દ્ર બની શકે છે. ગૂગલની આ યોજના માત્ર ડેટા સેન્ટર પૂરતી મર્યાદિત નથી; કંપની ભારતને વિશ્વ સાથે વધુ ઝડપથી જોડવા માટે સમુદ્રમાં ઈન્ટરનેટ કેબલની જાળ બિછાવશે. આ કેબલ ભારતને સિંગાપુર, સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સાથે સીધો જોડશે, જેનાથી એશિયા અને આફ્રિકામાં એઆઈ સેવાઓની સ્પીડ અનેકગણી વધી જશે. પર્યાવરણના જતનને પ્રાધાન્ય આપતા ગૂગલે આ ડેટા સેન્ટર્સ માટે ક્લીન એનર્જી પ્લાન્ટ બનાવવાની કામગીરી પણ શરૂ કરી દીધી છે. કંપની એઆઈને સરકારી સિસ્ટમમાં જોડીને લાખો સરકારી કર્મચારીઓને આધુનિક ટૂલ્સથી સજ્જ કરશે. સામાજિક સ્તરે, ગૂગલે 100 મિલિયન એટલે કે 10 કરોડ ભારતીયોને એઆઈની ટ્રેનિંગ આપવાની ખાતરી આપી છે. વિદ્યાર્થીઓ માટે એઆઈ ટ્યૂટર અને સામાન્ય નાગરિકોને ઓનલાઈન સ્કેમથી બચાવવા માટે એઆઈ ડિટેક્શન ટૂલ્સ પણ વિકસાવવામાં આવશે.

આ રોકાણથી ભારત હવે એઆઈ મામલે અમેરિકા, યુરોપ અને ચીન જેવા દેશોની હરોળમાં આવી જશે. અત્યાર સુધી ભારતીય સ્ટાર્ટઅપ્સને હાઈ-પાવર કમ્પ્યુટિંગ માટે વિદેશી કંપનીઓ પર નિર્ભર રહેવું પડતું હતું, પરંતુ હવે વિશાખાપટ્ટનમમાં જ આ સુવિધા મળતી હોવાથી ખર્ચમાં ઘટાડો થશે અને સ્ટાર્ટઅપ્સની ગતિ વધશે. ટૂંકમાં, ગૂગલનું આ રોકાણ ભારતને ડિજિટલ ઈકોનોમીમાં નવી ઊંચાઈએ લઈ જશે.



**ગૂગલ ભારતમાં આગામી પાંચ વર્ષમાં 5 બિલિયન ડૉલરનું રોકાણ કરશે. સુંદર પિચાઈએ જાહેરાત કરી છે કે વિશાખાપટ્ટનમમાં મેગા એઆઈ ડેટા સેન્ટર સ્થાપવામાં આવશે અને 100 મિલિયન ભારતીયોને એઆઈની ટ્રેનિંગ આપી ભારતને વૈશ્વિક એઆઈ હબ બનાવવામાં આવશે.**

## વડોદરા: બુલેટ ટ્રેન કામ માટે ગરનાળુ બંધ, રહીશોનો રોષ

**દૈનિક પલ્સ સમાચાર:** વિકાસની બુલેટ ટ્રેન ગરીબોના ખિસ્સા ખાલી કરી રહી હોય તેવા દ્રશ્યો વડોદરામાં સર્જાયા છે. મંગળવારથી પ્રિયલક્ષ્મી મીલ ગરનાળુ અચોક્કસ મુદત માટે બંધ કરી દેવાતા એફસીઆઇ ગોડાઉન વિસ્તારના 700 રહીશોના જીવનમાં અંધાધૂંધી ફેલાઈ છે. સામાન્ય રીતે જે અંતર કાપવા ₹10 થતા હતા, ત્યાં હવે રિક્ષાચાલકો ₹50ની ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. શાળાએ જતાં માસૂમ બાળકો અને હોસ્પિટલ જતા દર્દીઓની હાલત કફોડી બની છે. સ્થાનિક રહીશ રોશનબેન શેખના મતે શાકભાજીથી લઈ દવાખાના સુધી બધે જ ત્રણ ગણો ખર્ચ વધ્યો છે. રોજનું મજૂરીકામ કરી પેટ ભરતા લોકો માટે આ આર્થિક ભારણ અસહ્ય છે. તંત્રની આડેધડ આયોજનની નીતિને કારણે લોકોના ઘરના બજેટ ડામાડોળ થયા છે. મંગળવારે રહીશોએ રસ્તા પર ઉતરી ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા અને સત્તાધીશો પાસે ઓછામાં ઓછો ચાલવાનો રસ્તો તો આપવાની આજીજી કરી હતી, પણ તંત્ર હજુ ઘોર નિદ્રામાં



## અમદાવાદમાં 101 સ્થળોએ AMC દ્વારા વૈદિક હોળીનું આયોજન કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ શહેરમાં પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવતા AMC દ્વારા સતત ત્રીજા વર્ષે 'વૈદિક હોળી'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનની શરૂઆત 2024માં માત્ર 11 સ્થળોથી થઈ હતી, જે 2025માં વધીને 42 સ્થળો સુધી પહોંચી હતી. હવે 2026માં મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરના સાતેય ઝોનમાં કુલ 101 વિવિધ સ્થળો પર વૈદિક પદ્ધતિથી હોળી દહન કરશે. આ કાર્યક્રમ હેઠળ જે સોસાયટીઓએ સ્વચ્છતામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે અને જે મોટા ધાર્મિક સ્થળો છે ત્યાં છાણમાંથી બનેલી સ્ટીકનો ઉપયોગ કરી હોળી પ્રગટાવવામાં આવશે. ગાયના છાણમાંથી બનેલી 4800 કિગ્રા સ્ટીક અને હજારો નંગ છાણાનો ઉપયોગ જગન્નાથ મંદિર અને સોમનાથ મંદિર જેવા ધાર્મિક સ્થળોએ પણ થઈ રહ્યો છે. નાગરિકો આ પહેલમાં જોડાઈ શકે તે માટે ₹2500ની ઓનલાઈન દાન રસીદના બદલામાં હોળીના છાણા અને સ્ટીકનું બોક્સ સ્થળ પર પહોંચાડવાની વ્યવસ્થા કરાઈ છે. પર્યાવરણલક્ષી હોળીના આયોજન પાછળનો મુખ્ય આશય લાકડાના દહનથી થતા કાર્બન ઉત્સર્જનને અટકાવવાનો છે. વૈદિક પદ્ધતિ મુજબ છાણના દહનથી વાતાવરણ શુદ્ધ થાય છે. CNCD વિભાગની ટીમ શાળાઓ અને સોસાયટીઓમાં જઈને આ અંગે જાગૃતિ પણ ફેલાવશે. અગાઉના વર્ષોની જેમ આ વર્ષે પણ આદર્શ સોસાયટીઓને પ્રોત્સાહન આપીને શહેરને પ્રદૂષણ મુક્ત બનાવવાની દિશામાં આ એક મહત્વનું કદમ છે.





## સમા-સાવલી રોડ પર રહસ્યમય દુર્ગંધ આવતા GPCBની ટીમ દોડી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના વેમાલી ગામ અને આસપાસની સોસાયટીઓના રહીશો છેલ્લા કેટલાક દિવસોથી રાત્રિના સમયે આવતી અસહ્ય દુર્ગંધથી પરેશાન છે. મંગળવારે રાત્રે 8 વાગ્યે ફરી આ તીવ્ર વાસ ફેલાતા જાગૃત નાગરિકોએ GPCB ને ફરિયાદ કરી હતી. જે બાદ એક કલાકમાં ટીમ તપાસ માટે પહોંચી હતી. જોકે, અધિકારીઓ પહોંચ્યા ત્યાં સુધીમાં પવનની દિશા બદલાતા દુર્ગંધ ઓછી થઈ ગઈ હતી, જેને પગલે ટીમનો ફોગટફેરો થયો હતો. જીપીસીબીના અધિકારીઓ જે વોક્સ (VOX) સાધન લઈને આવ્યા હતા તેની પણ મર્યાદાઓ સામે આવી છે, કારણ કે તે એસિડિક પ્રદૂષકોને પકડવામાં અસમર્થ છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે દક્ષિણ તરફથી પવન ફૂંકાતા માણેજા અને આસપાસના ઔદ્યોગિક એકમોનું પ્રદૂષણ અહીં પહોંચી રહ્યું છે. રહીશોએ માંગ કરી છે કે જો જીપીસીબી પાસે અદ્યતન મોબાઈલ વાન ઉપલબ્ધ છે, તો તેનો ઉપયોગ આ સમસ્યાના કાયમી ઉકેલ માટે થવો જોઈએ.

આ મામલે પ્રાદેશિક અધિકારી માર્ગીબેન પટેલે સકારાત્મક પ્રતિસાદ આપતા જણાવ્યું હતું કે, હાલમાં આ અત્યાધુનિક બસ નંદેસરી વિસ્તારમાં પ્રદૂષણ માપી રહી છે, પરંતુ રહીશોની માંગને ધ્યાને રાખીને આ બસ વેમાલી વિસ્તારમાં પણ લાવવામાં આવશે. અદ્યતન મશીનો દ્વારા હવાનું વિશ્લેષણ કરી દુર્ગંધ ફેલાવતા ચોક્કસ સ્ત્રોતની શોધ કરવામાં આવશે.

**વડોદરાના સમા-સાવલી રોડ અને વેમાલી વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી રાત્રિના સમયે આવતી રહસ્યમય દુર્ગંધને લઈ રહીશોએ GPCBને ફરિયાદ કરી હતી. તપાસ માટે આવેલી ટીમ પાસે મર્યાદિત સાધનો હોવાથી અને વાસ ઘટી જવાથી પ્રદૂષણનું મૂળ જાણી શકાયું નથી.**



## નંદેસરી પોલીસે ત્રણ સગીરાઓને પરિવાર સાથે મેળવી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની નંદેસરી પોલીસે સમયસૂચકતા વાપરીને ઘર છોડી નીકળી ગયેલી ત્રણ સગીરાઓનું તેમના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું છે. ૧૭ ફેબ્રુઆરીના રોજ રાત્રે નંદેસરી પોલીસને માહિતી મળી હતી કે અનગઢ સ્થિત મસાણી માતાના મંદિરે ત્રણ બાળકીઓ એકલી અને ગભરાયેલી હાલતમાં છે. પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા માલૂમ પડ્યું કે આ બાળકીઓ ખેડા જિલ્લાના મહીસા ગામની રહેવાસી છે. બાળકીઓએ જણાવ્યું હતું કે, તેઓ શાળાએ ગઈ ન હોવાથી ઘરના સભ્યો વઢશે તેવા ડરથી તેઓ કોઈને કહ્યા વગર વાસદ થઈને અનગઢ આવી પહોંચી હતી. ૧૩ થી ૧૭ વર્ષની આ સગીરાઓ અજાણ્યા સ્થળે ગભરાઈ ગઈ હતી. પોલીસે તુરંત જ ટેકનિકલ માધ્યમો દ્વારા તેમના વાલીઓનો સંપર્ક સાધ્યો હતો. વાલીઓ વડોદરા પહોંચતા પોલીસે જરૂરી પૂછપરછ અને દસ્તાવેજોની ખરાઈ કર્યા બાદ બાળકીઓને સોંપી હતી. પોલીસની આ ત્વરિત અને સંવેદનશીલ કામગીરીની વાલીઓએ આભાર માની સરાહના કરી હતી.



**નંદેસરી પોલીસે અનગઢ મસાણી માતાના મંદિરેથી મળી આવેલી ખેડા જિલ્લાની ત્રણ સગીરાઓનો તેમના પરિવાર સાથે મિલાપ કરાવ્યો છે. શાળાએ ન જવાથી ઘરના સભ્યો ઠપકો આપશે તેવા ડરથી આ બાળકીઓ ઘરેથી નીકળી ગઈ હતી. પોલીસે તાકીદે કાર્યવાહી કરી તેમને સુરક્ષિત વાલીઓને સોંપી હતી.**

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# વડોદરા સહિત દેશભરમાં પવિત્ર રમજાન માસનો આજથી ભક્તિમય પ્રારંભ

## વડોદરા સહિત દેશભરમાં રમજાનનો પ્રારંભ: ઈબાદત અને દાનનો મહિમા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા સહિત રાજ્યભરમાં આજથી પવિત્ર રમજાન મહિનાનો ભક્તિમય માહોલમાં પ્રારંભ થયો છે. ઇસ્લામિક કેલેન્ડર મુજબ આ માસમાં મુસ્લિમ સમાજ અલ્લાહની વિશેષ ઈબાદત કરે છે. 19 ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ માસમાં મુસ્લિમ બિરાદરો વહેલી સવારે 3 વાગ્યે ઉઠી સહેરી કરશે અને સૂર્યાસ્ત સુધી ભૂખ્યા-તરસ્યા રહી રોજા પૂર્ણ કરશે. વડોદરા શહેરમાં વહેલી સવારે લોકોને સહેરી માટે જગાડવાની પરંપરા આજે પણ જીવંત છે, જેમાં આશરે 100 જેટલા લોકો સેવા આપી રહ્યા છે.

રમજાન માસ માત્ર ઉપવાસ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે આત્મશુદ્ધિ અને ગરીબોની સેવા કરવાનો મહિનો છે. મુસ્લિમ અગ્રણીઓના જણાવ્યા મુજબ, આ વર્ષે વડોદરાના સંપન્ન પરિવારો પોતાની સંપત્તિમાંથી અઢી ટકા જકાત કાઢીને સામાજિક જવાબદારી નિભાવશે. આ રકમનો ઉપયોગ અનાથ બાળકોના શિક્ષણ, વિધવા મહિલાઓની સહાય અને ગરીબ ભાઈ-બહેનોને અનાજની કીટ પહોંચાડવા માટે કરવામાં આવશે. ધાર્મિક પરંપરા મુજબ રમજાનમાં રોજા ખોલવા માટે ખજૂરનો ઉપયોગ કરવામાં આવે છે. બજારમાં હાલ ગલ્ફ દેશોમાંથી આવતી ખાસ અજવા અને કલમી જેવી ખજૂરની ધૂમ ખરીદી થઈ રહી છે. મસ્જિદોમાં પણ રાત્રિના સમયે તરાબિહની નમાઝનું આયોજન કરાયું છે, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે. ઘણા લોકો આ પવિત્ર માસમાં ઉમરાહની યાત્રાએ પણ રવાના થયા છે. રમજાનના આ પવિત્ર દિવસોમાં લોકો દરેક પ્રકારની બદીઓથી દૂર રહીને પરસ્પર પ્રેમ અને ભાઈચારાના વ્યવહાર સાથે દિવસો વિતાવશે. વડોદરાના મુસ્લિમ વિસ્તારોમાં રાત્રિ દરમિયાન ખાણી-પીણીના બજારોમાં પણ ખાસ રોનક જોવા મળી રહી છે.



**વડોદરામાં આજથી પવિત્ર રમજાન મહિનાની શરૂઆત થતા મુસ્લિમ વિસ્તારોમાં ઉત્સાહનો માહોલ છે. શ્રદ્ધાળુઓ વહેલી સવારે સહેરી કરીને આખો દિવસ ભૂખ્યા-તરસ્યા રહી રોજા રાખશે. આ માસમાં માત્ર ઉપવાસ જ નહીં, પરંતુ જરૂરિયાતમંદોને મદદ કરવાનું પણ વિશેષ મહત્વ છે. વડોદરામાં અંદાજે 50 હજારથી વધુ પરિવારો પોતાની આવકમાંથી અઢી ટકા જકાત કાઢી ગરીબોને અનાજ અને પૈસાની સહાય કરશે. ઈફ્તારી માટે બજારમાં અજવા અને કલમી જેવી વિદેશી ખજૂરની ભારે માંગ જોવા મળી રહી છે.**

# વડોદરામાં બદલાતી ઋતુ વચ્ચે વાયરલ ઈન્ફેક્શન અને ગળાના રોગો વધ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં હાલ શિયાળાની વિદાય અને ઉનાળાના આગમન વચ્ચે ‘ડબલ સીઝન’નો માહોલ જામ્યો છે. આ મિશ્ર ઋતુની સૌથી માઠી અસર લોકોના સ્વાસ્થ્ય પર પડી રહી છે. શહેરમાં વાયરલ ઇન્ફેક્શનના કેસોમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. શહેરની મુખ્ય સરકારી હોસ્પિટલો જેવી કે સયાજી (SSG), ગોત્રી અને જમનાબાઈ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર 5 થી 7 ટકાનો વધારો થયો છે. ચિંતાની વાત એ છે કે આ વખતે બીમારીની પેટર્નમાં ફેરફાર જોવા મળ્યો છે. સામાન્ય શરદી-ઉધરસ ઉપરાંત દર્દીઓમાં ગળાનો ગંભીર ચેપ, અવાજ ગુમાવવો અને અસહ્ય ગળાના દુખાવાની ફરિયાદો વધી છે. વાતાવરણમાં ઉડતી ધૂળ અને પ્રદૂષણ શ્વસનતંત્રને નુકસાન પહોંચાડી રહ્યા છે. સયાજી હોસ્પિટલના ડો. હિતેશ ચૌહાણે જણાવ્યું છે કે આવા લક્ષણોને હળવાશથી ન લેવા જોઈએ કારણ કે તે લાંબા ગાળે નુકસાન કરી શકે છે. સાવચેતીના ભાગરૂપે પ્રદૂષણથી બચવા માસ્કનો ઉપયોગ કરવો અત્યંત અનિવાર્ય છે. આ ઉપરાંત, ઠંડા પીણાં ટાળીને હુંફાળું પાણી પીવાનો આગ્રહ રાખવો જોઈએ. જો લક્ષણો ગંભીર જણાય તો જાતે દવા લેવાને બદલે તાત્કાલિક સરકારી કે ખાનગી ક્લિનિકમાં ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ જેથી બીમારીને વધતી અટકાવી શકાય.




# વડોદરા: લોન કૌભાંડમાં બેંક મેનેજર વિરુદ્ધ ફરિયાદ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના વારસિયા વિસ્તારના વેપારી હરેશકુમાર રૂપાણી સાથે ₹30 લાખની વિશ્વાસઘાતની ઘટના બની છે. આ કેસમાં રસુલાબાદ એસબીઆઈ શાખાના મેનેજર કૃણાલ પરીખ સહિત ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે. નરેન્દ્ર સાવંત નામના શખ્સે વેપારીને લોન અપાવવાની લાલચ આપી બેંક મેનેજર સાથે મેળાપીપણું કર્યું હતું. આરોપીઓએ વેપારી અને તેમના પુત્રના સંયુક્ત ખાતા ખોલાવી, કોરા કાગળો અને ચેક પર સહીઓ કરાવી લીધી હતી. ત્યારબાદ, આરોપીઓએ વેપારીની જાણ બહાર ₹20 લાખની હોમ રિનોવેશન લોન અને ₹10 લાખની મુદ્રા લોન મંજૂર કરાવી હતી. આ રકમ વેપારીના ખાતામાં આવવાને બદલે આરોપીઓએ બારોબાર સેરવી લીધી હતી. કૌભાંડ ત્યારે બહાર આવ્યું જ્યારે વેપારીને બેંકમાંથી લોનના હપ્તા ભરવાની નોટિસ મળી. તપાસ કરતા માલૂમ પડ્યું કે લોનના નાણાં નરેન્દ્ર સાવંત અને તેના મળતીયાઓએ વાપરી નાખ્યા હતા. સિટી પોલીસે હાલ ચારેય આરોપીઓ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**વડોદરામાં લોન અપાવવાના બહાને એસબીઆઈના મેનેજર અને તેના ત્રણ સાથીઓએ વારસિયાના એક કરિયાણાના વેપારી સાથે ₹30 લાખની છેતરપિંડી કરી છે. વેપારીના નામે લોન મંજૂર કરાવી આરોપીઓએ બારોબાર નાણાં ઉપાડી લીધા હતા. સિટી પોલીસ મથકમાં આ અંગે ફરિયાદ નોંધાઈ છે.**

## શિનોરના માલસર ગામમાં ભારે વાહનો પર પ્રતિબંધ: નવું જાહેરનામું

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના પ્રસિદ્ધ યાત્રાધામ માલસરમાં શ્રદ્ધાળુઓની સલામતી માટે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. માલસર-અશા બ્રિજની ડાબી બાજુથી લઈને માલસર ગામની હદ પૂર્ણ ન થાય ત્યાં સુધીના માર્ગ પર હવે ભારે વાહનોની અવર-જવર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. માલસર ગામમાં અનેક પૌરાણિક મંદિરો અને આશ્રમો આવેલા હોવાથી અહીં રાજ્યભરમાંથી ભક્તો મોટી સંખ્યામાં આવે છે. સાંકડા રસ્તા અને ભીડને કારણે કોઈ અકસ્માત કે જાનહાનિ ન થાય તે માટે આ નિર્ણય લેવાયો છે. જે વાહનચાલકો ભારે વાહનો લઈને પસાર થાય છે, તેમણે હવે વૈકલ્પિક માર્ગ તરીકે અસા-ઉમલ્લા-રાજપીપળા-દેવળીયા-તિલકવાડા અને ડભોઈ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. આ જાહેરનામું અન્ય કોઈ સૂચના ન મળે ત્યાં સુધી અમલમાં રહેશે. જો કોઈ વાહનચાલક આ નિયમનો ભંગ કરશે તો તેમની સામે ગુજરાત પોલીસ અધિનિયમ-1951 મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

## પાદરા: ખીચડીના આંધણમાં પડી જતાં 3 વર્ષની બાળકી દાઝી

પાદરા તાલુકાના ચોકારી ગામની મેઘા તલાવડી વિસ્તારમાં રહેતા એક પરિવારની માસૂમ બાળકી સાથે ગંભીર અકસ્માત સર્જાયો છે. 31 વર્ષીય વિજયભાઈ ગોહિલના ઘરે તેમની પત્ની રેખાબેન રસોઈની તૈયારી કરી રહ્યા હતા. તેમણે જમીન પરના દેશી ચૂલા પર ખીચડી રાંધવા માટે તપેલામાં આંધણ (ગરમ પાણી) મૂક્યું હતું. રસોઈ કામ ચાલતું હતું તે દરમિયાન તેમની ત્રણ વર્ષની પુત્રી હેતલ નજીકમાં રમી રહી હતી. રમતા-રમતા હેતલ અચાનક ગરમ પાણીના તપેલામાં પડી ગઈ હતી, જેના કારણે તેના શરીરનો પાછળનો ભાગ ગંભીર રીતે દાઝી ગયો હતો. ઘટના બાદ પરિવારમાં અફરાતફરી મચી ગઈ હતી. બાળકીને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા વડુ સરકારી દવાખાને લઈ જવામાં આવી હતી. જોકે, બાળકી વધુ દાઝી હોવાથી પ્રાથમિક સારવાર બાદ તેને વધુ સારી સારવાર માટે વડોદરાની ગોત્રી જનરલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી છે. હાલ બાળકી ડોક્ટરોની દેખરેખ હેઠળ છે અને આ મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.

## વડોદરા: મકાન ન આપનાર બિલ્ડરને રેરાનો 1.25 કરોડનો આદેશ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં મકાન ખરીદનારા ગ્રાહકોના હિતમાં રેરાએ એક સીમાચિહ્નરૂપ નિર્ણય લીધો છે. ગોત્રી વિસ્તારમાં 'કિશન એમ્બ્રોશિયા' પ્રોજેક્ટ હેઠળ મકાનો આપવાનું વચન આપી ગ્રાહકો પાસેથી કરોડો રૂપિયા વસૂલનાર બિલ્ડરને રેરાએ આકરો દંડ ફટકાર્યો છે. આ કેસની વિગત મુજબ, મે. કોરિયા ઇન્ફ્રા. પ્રા. લિ. ના ડાયરેક્ટર્સ ભીખુભાઈ કિશનભાઇ કોરિયા અને શિલ્પી ભીખુભાઈએ 2020માં આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. બિલ્ડર દ્વારા 2025માં મકાનોનું પજેશન આપવાની લેખિત ખાતરી આપવામાં આવી હતી, જેના આધારે 8 ગ્રાહકોએ લાખો-કરોડો રૂપિયાનું રોકાણ કર્યું હતું. જોકે, નિર્ધારિત સમય મર્યાદા વીતી જવા છતાં બિલ્ડર મકાનનો કબજો આપવામાં નિષ્ફળ રહ્યો હતો. વારંવારની રજૂઆતો છતાં કોઈ ઉકેલ ન આવતા આખરે ગ્રાહકોએ રેરામાં ફરિયાદ દાખલ કરી હતી. રેરાએ તપાસ દરમિયાન બિલ્ડરને નોટિસ પાઠવી સમયસર પજેશન સોંપવાની તાકીદ કરી હતી, પરંતુ બિલ્ડર દ્વારા સરકારી તંત્રની નોટિસને પણ નજરઅંદાજ કરવામાં આવી હતી. અંતે, રેરાએ ગ્રાહકોના પક્ષમાં કડક હુકમ કરતા જણાવ્યું છે કે બિલ્ડરે ગ્રાહકો દ્વારા ભરેલી રકમ અને તેના પરનું વ્યાજ મળીને કુલ ₹1.25 કરોડની રકમ પરત ચૂકવવી પડશે. આ આદેશથી વડોદરાના બિલ્ડર આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે, જ્યારે છેતરાયેલા ગ્રાહકોમાં ખુશીની લહેર જોવા મળી છે. આ નિર્ણય એ તમામ બિલ્ડરો માટે ચેતવણીરૂપ છે જેઓ ગ્રાહકો પાસેથી નાણાં વસૂલ્યા પછી પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં વિલંબ કરે છે..

સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫


# લોન વીમાના વિવાદમાં મકાન જપ્ત: ફાઈનાન્સ મેનેજર સામે ફરિયાદ

**દૈનિક પલ્સ સમાચાર:** હોમ લોન આપતી ફાઇનાન્સ કંપની અને વીમા કંપની વચ્ચેની લડાઈમાં વડોદરાનો એક પરિવાર પાયમાલ થવાના આરે છે. વાસણા રોડ પર રહેતા રણજીત રાઠોડે ફરિયાદ કરી છે કે તેના પિતા ધીરુભાઈએ 2023માં ₹14.95 લાખની લોન લીધી હતી. આ લોન સાથે ક્રેડિટ પ્રોટેક્શન વીમો લેવા માટે ₹91 હજાર જેવું પ્રીમિયમ પણ ચૂકવવામાં આવ્યું હતું. કમનસીબે, જૂન 2024માં ધીરુભાઈનું નિધન થયું, પરંતુ જ્યારે પુત્રએ લોન ભરપાઈ કરવા વીમા ક્લેમની વાત કરી, ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી.

ફાઇનાન્સ કંપનીએ પિતાના અવસાન બાદ અન્ય કંપનીમાં બીજો વીમો લીધો હતો જેની રકમ માત્ર ₹4.35 લાખ જ હતી. એચ.ડી.એફ.સી દ્વારા જૂની પોલિસી નામંજૂર કરાઈ હોવાની જાણ પરિવારને કરવામાં આવી નહોતી. હવે ફાઇનાન્સ કંપની બાકી રકમ વસૂલવા મકાન જપ્ત કરી હરાજી કરવા માંગે છે. આ મામલે રણજીતે જે.પી.રોડ પોલીસ મથકે મેનેજર જીગ્નેશ ચૌહાણ સહિત ત્રણ સામે ગુનાહિત કૃત્યની લેખિત ફરિયાદ નોંધાવી છે. લોન લેનાર પરિવારનું કહેવું છે કે કંપનીની લાપરવાહીને કારણે તેમણે પિતા ગુમાવ્યા બાદ હવે ઘર ગુમાવવાનો વારો આવ્યો છે. હાલ આ મામલો અદાલતમાં પહોંચ્યો છે, જ્યાં મકાનની હરાજી અટકાવવા દાવો દાખલ કરવામાં આવ્યો છે.




## MSU: સોશિયલ મીડિયા કોમેન્ટ મુદ્દે વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની MSU માં છાશવારે થતી મારામારીની ઘટનાઓમાં વધુ એક કિસ્સો ઉમેરાયો છે. મંગળવારે બપોરે આર્કિટેક્ચર ફેકલ્ટી પાસે કોમર્સના વિદ્યાર્થીઓ ચા પી રહ્યા હતા, ત્યારે એમ.એમ. હોલના અન્ય વિદ્યાર્થીઓએ સોશિયલ મીડિયા કોમેન્ટના મુદ્દે હુમલો કર્યો હતો. આ અથડામણમાં એક વિદ્યાર્થીના કપડાં ફાટી ગયા હતા અને તેને મોઢાના ભાગે ઈજા થઈ હતી. નવા સિક્યુરિટી કોન્ટ્રાક્ટ બાદ પણ યુનિવર્સિટીમાં સુરક્ષાના છીંડા યથાવત જોવા મળી રહ્યા છે.

## વડોદરા: અકસ્માતમાં પુત્રનું મોત, ઈજાગ્રસ્ત માતાની આખરી વિદાય



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં રવિવારે બાઈક ચાલકે સર્જેલા અકસ્માતમાં 5 વર્ષના ધર્વનું મોત થયું હતું. ગંભીર રીતે ઘાયલ માતા જૂહીબેન સયાજી હોસ્પિટલના સર્જિકલ વોર્ડમાં સારવાર હેઠળ છે. કરોડરજ્જુની ઇજાને કારણે તે ઊભી થઈ શકે તેમ ન હોવાથી, હોસ્પિટલની મંજૂરી લઈ પુત્રના મૃતદેહને માતા પાસે લાવવામાં આવ્યો હતો. સ્ટ્રેચર પર સૂતા-સૂતા જ માતાએ વ્હાલસોયા દીકરાને અંતિમ વિદાય આપતા હોસ્પિટલના સ્ટાફ અને અન્ય લોકોની આંખો ભીંજાઈ ગઈ હતી.

## વડોદરા: BSNLના 600 મોડ્યુલ ચોરાયા, 400 લેન્ડલાઈન ઠપ




**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના રાવપુરા અને નાગરવાડામાં BSNL ના પિલરોમાંથી તસ્કરો 600 જેટલા ડિસ્ટ્રિબ્યુશન મોડ્યુલ ચોરી ગયા છે. કોપરના વાયર મેળવવાના ઈરાદે કરવામાં આવેલી આ ચોરીને કારણે સરકારી કચેરીઓ, પોલીસ ભવન અને રાષ્ટ્રીયકૃત બેંકોની 400 લેન્ડલાઈન સેવાઓ બંધ થઈ ગઈ છે. કારેલીબાગ પોલીસે આ મામલે તપાસ હાથ ધરી 3 શખ્સોને દબોચી લીધા છે. આ સેવાઓ પૂર્વવત થતા આશરે એક અઠવાડિયા જેટલો સમય લાગી શકે છે.

# મિત્રતાનો અંત આવતા પૂર્વ મિત્રએ મહિલાના બીભત્સ ફોટા વાયરલ કર્યા

## વડોદરા સાયબર ક્રાઈમ: પૂર્વ મિત્રએ મહિલાને બદનામ કરવા ફોટા મૂક્યા




**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરમાં સાયબર અપરાધની એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં એક મહિલાના પૂર્વ મિત્રએ સંબંધોમાં તિરાડ પડતા મહિલાને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરવાનું કૃત્ય કર્યું છે. ગોત્રી રોડ પર રહેતી અને ખાનગી હોસ્પિટલમાં કાર્યરત મહિલાએ ફરિયાદ કરી છે કે તેના પૂર્વ મિત્રએ મિત્રતાના સમયે પાડેલા ફોટાનો ઉપયોગ કરીને તેના નામનું ફેક સોશિયલ મીડિયા એકાઉન્ટ તૈયાર કર્યું હતું. આ એકાઉન્ટ પર બીભત્સ અને આપત્તિજનક લખાણ લખીને મહિલાની બદનામી કરવામાં આવી હતી, એટલું જ નહીં પરંતુ આ લખાણ મહિલાના પરિવારજનો અને સ્નેહીજનો સુધી પણ પહોંચાડવામાં આવ્યું હતું. આ ગંભીર મામલે સાયબર એક્સપર્ટ આશિષ પટેલે જનજાગૃતિ માટે કેટલીક મહત્વની સલાહ આપી છે. તેમણે જણાવ્યું કે વર્તમાન સમયમાં સોશિયલ મીડિયા સ્કેમ ખૂબ જ સામાન્ય બની ગયા છે. સ્કેમર્સ પહેલા મિત્રતા કે વિશ્વાસ કેળવીને અંગત ફોટા કે વિગતો મેળવે છે અને ત્યારબાદ તેની મદદથી બ્લેકમેલિંગ શરૂ કરે છે. ઘણીવાર આર્થિક માંગણીઓ સંતોષવામાં ન આવે તો આવા ફોટા વાયરલ કરીને પીડિતાને માનસિક રીતે તોડી નાખવામાં આવે છે. આશિષ પટેલે ખાસ ભાર મૂકતા કહ્યું છે કે કોઈ પણ સાથી કર્મચારી કે મિત્ર સાથે અત્યંત અંગત ફોટા પડાવવાથી અંતર જાળવવું જોઈએ. જો કોઈ પણ વ્યક્તિ ઓનલાઇન છેતરપિંડી કે બદનામીનો ભોગ બને, તો ડર્યા વગર તુરંત સાયબર ક્રાઈમ હેલ્પલાઈન અથવા નજીકના પોલીસ મથકનો સંપર્ક કરવો જોઈએ. હાલમાં વડોદરા સાયબર ક્રાઈમ વિભાગ દ્વારા આઈપી એડ્રેસ અને ડિજિટલ ફૂટપ્રિન્ટ્સના આધારે તપાસ તેજ કરવામાં આવી છે જેથી ગુનેગારને કાયદાના શરણે લાવી શકાય.

**વડોદરામાં એક ખાનગી હોસ્પિટલમાં રિસેપ્શનિસ્ટ તરીકે ફરજ બજાવતી મહિલાએ તેના પૂર્વ પુરુષ મિત્ર સામે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. બંને વચ્ચે મિત્રતા તૂટી જતાં, મિત્રએ અગાઉ પાડેલા ફોટાનો દુરુપયોગ કરી મહિલાના નામનું ફેક આઈડી બનાવ્યું હતું. આ આઈડી પર બીભત્સ લખાણ અને ફોટા મૂકી મહિલાના સગા-સંબંધીઓને મોકલવામાં આવ્યા હતા. સાયબર એક્સપર્ટ આશિષ પટેલે ચેતવણી આપી છે કે સોશિયલ મીડિયા પર કોઈના પર જલ્દી વિશ્વાસ ન કરવો અને અંગત ફોટા શેર કરવાથી બચવું જોઈએ.**

# આજવા રોડ પર મકાન અપાવવાના બહાને લાખોની ઠગાઈ: ફરિયાદ નોંધાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના બાપોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેતરપિંડીની શરમજનક ઘટના સામે આવી છે. ડ્રાઈવિંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા શફીક અહેમદ શેખ સાથે ₹6.50 લાખની ઠગાઈ આચરવામાં આવી છે. ઘર ખરીદવાના સપના સાથે શફીકભાઈએ સુલતાનઅલી શબ્બીરહુસેન સુરંગવાલાનો સંપર્ક કર્યો હતો. આજવા રોડ પર ફાયર એકેડમી પાસેનું મકાન બતાવી ₹27 લાખમાં સોદો નક્કી કરવામાં આવ્યો. શફીકભાઈએ પોતાની મહેનતની કમાણીમાંથી ₹50 હજાર રોકડા અને ચેક મારફતે કુલ ₹6.50 લાખ ચૂકવી વેચાણ કરાર પણ કરાવ્યો હતો. જોકે, લોન મંજૂર ન થતા સોદો આગળ વધી શક્યો નહીં. આ તકનો લાભ ઉઠાવી ઠગબાજ સુલતાનઅલીએ એ જ મકાન બીજા કોઈને વેચી નાખ્યું. નિયમ મુજબ સોદો રદ થતા રકમ પરત કરવાની હોય, પરંતુ આરોપીની દાનત બગડી હતી. જ્યારે શફીકભાઈ પોતાની રકમ પરત માંગવા ગયા ત્યારે સુલતાનઅલીએ સભ્યતાની મર્યાદા ઓળંગી ખરાબ વર્તન કર્યું અને નાણાં આપવાનો સાફ ઇનકાર કરી દીધો. આખરે ભોગ બનનાર ડ્રાઈવરે ન્યાય માટે પોલીસના દ્વાર ખખડાવ્યા છે. પ્રશ્ન એ છે કે શું આવા સફેદપોશ ઠગબાજો સામે પોલીસ કડક કાર્યવાહી કરી સામાન્ય માણસના પૈસા પરત અપાવશે?



# વડોદરા: 23થી વધુ ચોરી-લૂંટ કરનાર રીઢો ગુનેગાર ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા ક્રાઇમ બ્રાન્ચને મિલકત વિરોધી ગુનાઓ ઉકેલવામાં મોટી સફળતા મળી છે. રાજ્યભરમાં 23થી વધુ ઘરફોડ ચોરી અને લૂંટના કેસમાં સંડોવાયેલા રીઢા ગુનેગાર ભરત ઉર્ફે ભારત મોતીલાલ પંચાલને પોલીસે ઝડપી પાડ્યો છે. મૂળ દાહોદના લીમખેડાનો રહેવાસી ભરત છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હતો.
ક્રાઇમ બ્રાન્ચને ચોક્કસ બાતમી મળી હતી કે છાણી અને હરણી પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ આરોપી વાપી-દમણ તરફથી એસ.ટી. બસમાં વડોદરા આવી રહ્યો છે. આ બાતમીના આધારે મકરપુરા ડેપો ખાતે વોચ ગોઠવીને તેને પકડી લેવાયો હતો. તપાસમાં સામે આવ્યું છે કે તે ચોરીના સોના-ચાંદીના દાગીના ખરીદી અને વેચાણની પ્રવૃત્તિમાં પણ સામેલ હતો. તેના વિરુદ્ધ પાલનપુર, જામનગર, ગાંધીનગર અને દેવગઢ બારિયા સહિતના અનેક પોલીસ સ્ટેશનોમાં ગુના નોંધાયેલા છે. હાલ પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે જેથી અન્ય ગુનાઓના ભેદ પણ ઉકેલાઈ શકે.

**વડોદરા ક્રાઇમ બ્રાન્ચે રાજ્યભરમાં 23થી વધુ ઘરફોડ ચોરી અને લૂંટના ગુનામાં સંડોવાયેલા રીઢા ગુનેગાર ભરત પંચાલને ઝડપી પાડ્યો છે. છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો આ આરોપી મકરપુરા એસ.ટી. ડેપો પરથી પકડાયો હતો, જેનાથી અનેક ચોરીના ભેદ ઉકેલાયા છે.**







# કીર્તિ પટેલે મૃગીકુંડમાં ડૂબકી લગાવતા સનાતન ધર્મના સંતો લાલઘુમ

**દૈનિક પલ્સ સમાચાર:** મહાશિવરાત્રીના મેળામાં આધ્યાત્મિકતાને બદલે વિવાદનો વંટોળ ફૂંકાયો છે, અને તેના કેન્દ્રમાં છે સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર કીર્તિ પટેલ. મૃગીકુંડ, જેનું આદિકાળથી અત્યંત મહત્વ છે અને જ્યાં માત્ર વિરક્ત સાધુઓ જ સ્નાન કરે છે, ત્યાં કીર્તિ પટેલે ડૂબકી લગાવીને સનાતન પરંપરાના ચીરેચીરા ઉડાડ્યા છે. આ ઘટના બાદ ડૉ. જ્યોતિર્નાથ મહારાજે આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, આ આસ્થા સાથેની મજાક છે અને આવા તત્વો સામે દાખલારૂપ કાર્યવાહી થવી જ જોઈએ.
વિવાદની શરૂઆત ભજન કાર્યક્રમમાં પૈસા ઉડાવવાથી થઈ હતી અને મધ્યરાત્રિએ પરાકાષ્ઠાએ પહોંચી. કીર્તિએ માત્ર પરંપરા જ નથી તોડી, પરંતુ સત્તાના નશામાં ચૂર હોય તેમ મહિલા પોલીસ અધિકારી સાથે પણ ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું, જેના કારણે તેની સામે કાયદેસરની ફરિયાદ નોંધાઈ છે. આટલેથી ન અટકતા, કીર્તિ પટેલે ગિરનાર મંડળના અધ્યક્ષ ઇન્દ્રભારતી બાપુ વિરુદ્ધ વિવાદાસ્પદ સોશિયલ મીડિયા પોસ્ટ કરીને સંતોને પડકાર્યા છે. તે પુરાવા સાથે સચ્ચાઈ જાહેર કરવાની ધમકી આપી રહી છે, જે તેની નકારાત્મક માનસિકતા છતી કરે છે. જૂનાગઢના સંતો આજે બેઠક યોજી આ 'ડિજિટલ ગુંડાગીરી' સામે આકરા પગલાં લેવાની તૈયારીમાં છે. શું પ્રશાસન આવા છાકટા બનેલા ઇન્ફ્લુએન્સર સામે કડક વલણ અપનાવશે?



# વડોદરા મહાનગરપાલિકામાં ઈતિહાસ સર્જાયો: આખું વિપક્ષ સસ્પેન્ડ



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય સભામાં આજે લોકશાહીના મંચ પર ભારે રસાકસી અને અભૂતપૂર્વ નિર્ણયો જોવા મળ્યા. ત્રણ દિવસ માટે આયોજિત બજેટ સત્રના બીજા જ દિવસે સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે સર્જાયેલા ઉગ્ર ટકરાવ બાદ મેયર દ્વારા આખું વિપક્ષ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું હતું.
સભાની શરૂઆતમાં વિપક્ષી સભ્ય પુષ્પા વાઘેલાએ શહેરની પાણીની વાસ્તવિક સ્થિતિ રજૂ કરતા જણાવ્યું કે પાલિકા એકતરફ 95% વિસ્તારમાં પાણી આપવાનો દાવો કરે છે, તો બીજી તરફ ત્રણ ઝોનમાં ટેન્કરો પાછળ ₹4.38 કરોડનો ખર્ચ કેમ કરવામાં આવ્યો? તેમણે પાનમ યોજનાના ₹5157 કરોડના દેવા બાબતે પણ સત્તાપક્ષને ભીંસમાં લીધો હતો. આ ચર્ચા દરમિયાન જ્યારે વિપક્ષી સભ્યોને બેસી જવાની સૂચના આપવામાં આવી, ત્યારે હોબાળો ફાટી નીકળ્યો હતો. મેયર પિંકીબેન સોનીએ વારંવારની અપીલ છતાં સ્થિતિ નિયંત્રણમાં ન આવતા વિપક્ષના તમામ 7 સભ્યોને સસ્પેન્ડ કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો.
વિપક્ષના નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવે આક્ષેપ કર્યો કે સત્તાપક્ષ ભ્રષ્ટાચાર છુપાવવા માટે વિરોધનો અવાજ દબાવી રહ્યો છે. જોકે, વિપક્ષની ગેરહાજરીમાં ₹7672.21 કરોડનું બજેટ સર્વાનુમતે મંજૂર કરી દેવાયું હતું. સભામાં અન્ય એક આકર્ષણનું કેન્દ્ર ભાજપના કાઉન્સિલર પરાક્રમસિંહ જાડેજા રહ્યા હતા. તેમણે ચાલુ સભામાં જાહેરાત કરી કે તેઓ હવે આગામી કોઈ પણ ચૂંટણી લડશે નહીં અને પક્ષના સામાન્ય કાર્યકર તરીકે સેવા આપશે. તેમના આ નિર્ણયને તમામ સભ્યોએ બિરદાવ્યો હતો. પાલિકાના 20 વર્ષના અનુભવી સભા સેક્રેટરીના જણાવ્યા મુજબ, તેમના કાર્યકાળમાં પ્રથમવાર આવી રીતે આખું વિપક્ષ સસ્પેન્ડ થયું છે અને આટલી ઝડપથી બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. આ ઘટનાએ વડોદરાના રાજકીય આલમમાં નવી ચર્ચા છેડી દીધી છે.

**વડોદરા મહાનગરપાલિકામાં બજેટ સત્રના બીજા દિવસે ભારે ગરમાવો જોવા મળ્યો. વિપક્ષી સભ્ય પુષ્પા વાઘેલા દ્વારા પાણીના ટેન્કરના ખર્ચ અને પાનમ યોજનાના દેવા મુદ્દે કરાયેલી રજૂઆત દરમિયાન સમય મર્યાદા મુદ્દે વિવાદ થયો હતો. હોબાળો વધતા મેયર પિંકીબેન સોનીએ વિપક્ષના તમામ 7 સભ્યોને સસ્પેન્ડ કર્યા હતા. ત્યારબાદ સત્તાપક્ષે સર્વાનુમતે ₹7672.21 કરોડનું બજેટ મંજૂર કર્યું હતું. આ દરમિયાન વોર્ડ નંબર-3 ના કાઉન્સિલર પરાક્રમસિંહ જાડેજાએ આગામી સમયમાં કોઈ પણ ચૂંટણી ન લડવાની અચાનક જાહેરાત કરતા સભામાં આશ્ચર્ય ફેલાયું હતું.**

# યુવરાજસિંહ જાડેજાએ જીવના જોખમે નકલી દૂધનું મસમોટું કૌભાંડ ઝડપી પાડ્યું




## યુવરાજસિંહ જાડેજા પર હુમલો: નકલી દૂધના મસમોટા કૌભાંડનો પર્દાફાશ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં શ્વેત ક્રાંતિના નામે 'કાળો ખેલ' રમાઈ રહ્યો છે, જેનો પર્દાફાશ આજે AAP નેતા યુવરાજસિંહ જાડેજાએ કર્યો છે. વિસાવદર નજીકથી શંકાસ્પદ દૂધનું ટેન્કર પકડવા માટે યુવરાજસિંહ અને તેમની ટીમે ફિલ્મી ઢબે પીછો કર્યો, જે દરમિયાન તેમના પર એક નહીં પણ ત્રણ વાર જીવલેણ હુમલા કરવામાં આવ્યા. ખીરસરા પાસે 15 જેટલા લોકોએ ગાડીને ઘેરી લઈ યુવરાજસિંહના સાથીઓને કારમાંથી ઢસેડી સ્ટીલના રોડથી ફટકાર્યા હતા.

યુવરાજસિંહના આક્ષેપો અત્યંત ગંભીર છે. તેમના મતે, આ ટેન્કરમાં યુરિયા, પામ ઓઈલ અને કેમિકલ ભેળવી નકલી દૂધ તૈયાર કરવામાં આવતું હતું. આ દૂધ અરવલ્લી અને ગાંધીનગરની સહકારી ડેરીઓમાં પણ ઠાલવવામાં આવતું હોવાની આશંકા છે. જો સહકારી ડેરીઓના નિયમ મુજબ બહારનું દૂધ સ્વીકારી શકાતું નથી, તો પછી આ ટેન્કરો કઈ રીતે એન્ટ્રી મેળવતા હતા? શું ડેરીના લેબોરેટરી ટેસ્ટિંગ માત્ર દેખાડો છે? આ ઘટના રાજ્યના કથળેલા કાયદો અને વ્યવસ્થા તથા નબળા ફૂડ સેફ્ટી તંત્રની પોલ ખોલે છે. જો એક નેતાને કૌભાંડ પકડવા માટે જીવ જોખમમાં મૂકવો પડતો હોય અને સામે પક્ષે માફિયાઓ ખુલ્લેઆમ હુમલો કરતા હોય, તો સામાન્ય જનતાની સુરક્ષા કોના ભરોસે? ટેન્કર ડ્રાઈવરથી લઈને આ કૌભાંડના આકાઓ સુધીની તપાસ થવી જરૂરી છે. દૂધમાં ભેળસેળ એ ધીમું ઝેર છે, અને આ કૌભાંડ પાછળ રહેલા સફેદપોશ ગુનેગારોના નામ જાહેર કરવા માટે યુવરાજસિંહ જાડેજાએ આક્રમક માંગ કરી છે. હવે જોવાનું એ રહે છે કે સરકાર આ મામલે કડક પગલાં લે છે કે પછી હંમેશાની જેમ મામલો ભીનો સંકેલી લેવામાં આવશે?


**જનતાના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં! યુવરાજસિંહ જાડેજાએ જીવના જોખમે નકલી દૂધનું ટેન્કર પકડ્યું, જેના પર ત્રણ વાર જીવલેણ હુમલો થયો. ટેન્કરમાં યુરિયા અને પામ ઓઈલ જેવી ખતરનાક ભેળસેળની આશંકા છે. સવાલ એ છે કે પોલીસ અને ફૂડ વિભાગ ઊંઘતું હતું કે પછી આ મોટા કૌભાંડમાં મળતિયાઓ સામેલ છે? સહકારી ડેરીઓ બહારનું શંકાસ્પદ દૂધ સ્વીકારે છે તે સિસ્ટમની નિષ્ફળતા છે. જો રક્ષક જ ભક્ષક બનશે, તો ગુજરાતની જનતાને શુદ્ધ દૂધ ક્યાંથી મળશે?**

# સાવલી અને ડેસર પંથકમાં ગમખ્વાર અકસ્માત: માસૂમ બાળકો સહિત 4 ઘાયલ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લામાં માર્ગ અકસ્માતનો સિલસિલો યથાવત રહ્યો છે, જેમાં સાવલી અને ડેસર તાલુકામાં બે અલગ-અલગ દુર્ઘટનાઓ નોંધાઈ છે. સાવલીના નરભપુરા ગામ પાસે ગત 21 જાન્યુઆરીએ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અહીં પૂરપાટ ઝડપે આવતી એક કારે બાઇક સવાર પરિવારને અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં સાગરભાઈ ગોહિલ નામના 27 વર્ષના યુવકે પોતાનો જીવ ગુમાવ્યો છે. અકસ્માતની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે બાઇક પર સવાર બે નાના બાળકો, જેમાં એકની ઉંમર 4 વર્ષ અને બીજાની ઉંમર માત્ર 3 મહિના છે, તેઓને પણ ઈજાઓ પહોંચી છે. હાલ તમામ ઇજાગ્રસ્તો સારવાર હેઠળ છે. બીજી ઘટના ડેસર પંથકની છે, જ્યાં 28 જાન્યુઆરીએ સાંઢાસલ ગામ પાસે પદયાત્રી વિજયભાઈ રાઠોડ અકસ્માતનો ભોગ બન્યા હતા. તેઓ રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવતા એક અજાણ્યા વાહને તેમને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વિજયભાઈને પગના ભાગે ગંભીર ઈજાઓ અને ફ્રેક્ચર થયું છે. વાહન ચાલક અકસ્માત સર્જીને ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. વારંવાર બનતી આવી ઘટનાઓને કારણે વાહન ચાલકોમાં સુરક્ષા અને ટ્રાફિક નિયમોના પાલન અંગે ફરી સવાલો ઊઠી રહ્યા છે. પરિવારજનોમાં આ ઘટનાઓને પગલે ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

## વાઘોડિયા: MLA ધર્મેન્દ્રસિંહ વાઘેલાનું બેનર ફાડી ફ્રેમની ચોરી

વડોદરા જિલ્લાના વાઘોડિયા પંથકમાં ધારાસભ્યના બેનરની તોડફોડનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ધીરજ ચોકડી જેવા ધમધમતા વિસ્તારમાં ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા (બાપુ) દ્વારા મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે શુભેચ્છા બેનર લગાવવામાં આવ્યા હતા. ગત 11 થી 17 ફેબ્રુઆરી વચ્ચેના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા તત્વે આ બેનર ફાડી નાખ્યું હતું. માત્ર એટલું જ નહીં, બેનર જે લોખંડની ફ્રેમ પર લગાવેલું હતું, તે ફ્રેમની પણ ચોરી કરવામાં આવી છે. આ સમગ્ર કૃત્યને કારણે અંદાજે ₹4,500નું નુકસાન થયું હોવાનો અંદાજ છે. જાહેર મિલકત અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓના બેનરો સાથે થતી આવી છેડછાડ અને ચોરીની ઘટનાથી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા પર સવાલો ઉઠી રહ્યા છે. આ મામલે હાલ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'


# બગસરા: તરસ્યા ગામની વેદના, તંત્રની ઘોર બેદરકારી સામે રોષ

**દૈનિક પલ્સ સમાચાર:** મોરબી જિલ્લાનો પાણી પુરવઠા વિભાગ જાણે કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ માળિયા મિયાણાના બગસરા ગામની જનતા તરસથી તરફડી રહી છે. દરિયાકાંઠાના આ છેવાડાના ગામની વસ્તી ૨૦૦૦ની છે અને પશુધન પણ નોંધપાત્ર છે, છતાં તંત્રએ તેમને નોંધારા છોડી દીધા છે. હજુ ઉનાળાની માત્ર શરૂઆત જ થઈ છે ત્યાં ગામમાં પીવાના પાણીની અછતે માઝા મૂકી છે. નાનાભેલા અને ભાવપરની લાઇનથી થતું વિતરણ સાવ ખોરવાયેલું છે અને ૪ દિવસે માંડ એકવાર પાણીના દર્શન થાય છે.

બગસરા ગામના મહિલા સરપંચે તંત્રના પાપે સર્જાયેલી આ સ્થિતિ અંગે ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમની રજૂઆત મુજબ ગામની દૈનિક જરૂરિયાત ૧.૫૦ લાખ લીટરની સામે તંત્ર માત્ર ૪૦ હજાર લીટર પાણી ફાળવે છે, જે જનતાની મજાક સમાન છે. આ ગામમાં મુખ્યત્વે મીઠાના અગરોમાં મજૂરી કરતા ગરીબ પરિવારો રહે છે, જેમના પ્રશ્નો સાંભળવાની તંત્ર પાસે નવરાશ નથી. ગાંધીનગર સુધી ફરિયાદો પહોંચી હોવા છતાં પરિણામ શૂન્ય છે.

પરિસ્થિતિ એટલી ગંભીર છે કે રોષે ભરાયેલી ગામની મહિલાઓ સરપંચના ઘરે આવીને આક્રોશ ઠાલવે છે. સરપંચે હવે પાણી પુરવઠા વિભાગને અંતિમ ચેતવણી આપી દીધી છે કે જો ૧૦ દિવસમાં પાણીનો પ્રશ્ન હલ નહીં થાય તો ગામનું પાણી વિતરણ સદંતર બંધ કરવામાં આવશે અને તેનાથી સર્જાનારી કાયદો-વ્યવસ્થાની સ્થિતિની જવાબદારી તંત્રની રહેશે. વધુમાં, સરપંચે હવે એજન્સીના કાગળો પર સહીઓ કરવાનું પણ બંધ કરી દીધું છે. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? બગસરાની આ તરસ્યા ગળાની બૂમ ક્યારે શાસકોના કાન સુધી પહોંચશે તે જોવું રહ્યું.




# વાદુમાં અંગત અદાવતમાં લોહિયાળ જંગ: સામસામે ફરિયાદ નોંધાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** વાદુ વિસ્તારમાં વ્યક્તિગત અદાવત અને શંકાના આધારે લોહિયાળ સંઘર્ષની ઘટના સામે આવી છે. 16 ફેબ્રુઆરી, 2026ના રોજ પઢિયાર જ્ઞાતિના બે જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થઈ હતી. ઘટનાની વિગત એવી છે કે સુરેન્દ્રસિંહ પઢિયાર જ્યારે પોતાના કામથી જઈ રહ્યા હતા ત્યારે અલ્પેશભાઈ અને જયદીપભાઈએ તેમને આંતરીને લાકડીના સપાટા માર્યા હતા. હુમલાખોરોને સુરેન્દ્રસિંહની પત્ની વિશે કોઈ બાબતે શંકા હોવાથી આ હુમલો કરાયો હોવાનું મનાય છે.

બીજી તરફ, આ ઘટનામાં ક્રોસ-ફરિયાદ નોંધાઈ છે. સામા પક્ષે અલ્પેશભાઈ પઢિયારે પણ પોતાની રજૂઆત કરતા જણાવ્યું છે કે સુરેન્દ્રસિંહ અને પ્રવીણભાઈ પઢિયારે તેમની પર હુમલો કર્યો હતો. અલ્પેશભાઈએ આક્ષેપ કર્યો છે કે વિવાદ દરમિયાન તેમને શારીરિક રીતે મારવામાં આવ્યા હતા અને સામા પક્ષે તેમને દાંત વડે બચકાં પણ ભર્યા હતા, જેના કારણે તેમને ઈજા થઈ હતી. એક જ જ્ઞાતિના અને નજીકના લોકો વચ્ચે થયેલી આ મારામારીને કારણે વાદુ પંથકમાં તંગદિલી જેવો માહોલ સર્જાયો હતો. હાલ બંને પક્ષના લોકો ઇજાગ્રસ્ત થતા તેમને પ્રાથમિક સારવાર અપાઈ છે અને આ ઘટનાના મૂળ સુધી પહોંચવા તપાસ હાથ ધરવામાં આવી છે.



# સાવલી વાઘોડિયા અને ડભોઈ પંથકમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ કાર્યવાહી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લાના હાઈવે અને આંતરિક માર્ગો પર મુસાફરી કરતા લોકોની સુરક્ષા વધારવા માટે વહીવટી તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. સાવલી, વાઘોડિયા, જરોદ અને ડભોઈ વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન એવા અનેક વાહનચાલકોને અટકાવવામાં આવ્યા હતા જેઓ નશાની હાલતમાં વાહન ચલાવી રહ્યા હતા. નશામાં ડ્રાઈવિંગ કરવું એ માત્ર પોતાના માટે જ નહીં પરંતુ રસ્તા પર ચાલતા અન્ય નિર્દોષ લોકો માટે પણ જીવલેણ સાબિત થઈ શકે છે, તેથી આવા ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

માત્ર નશામાં ડ્રાઈવિંગ જ નહીં, પરંતુ ખોટી રીતે થતું પાર્કિંગ પણ અકસ્માતનું મોટું કારણ બને છે. વડોદરા-ડભોઈ હાઈવે પર સ્થિત ઉમેદ ક્રોસિંગ અને અન્ય સ્થળોએ અનેક ડ્રાઈવરો દ્વારા રસ્તાની વચ્ચે અથવા જોખમી વળાંકો પર વાહનો પાર્ક કરી દેવામાં આવતા હતા. આના કારણે ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હતી અને અકસ્માતનો ભય રહેતો હતો. આ બાબતને ગંભીરતાથી લઈને, ટ્રાફિકમાં અડચણ ઊભી કરનારા અને બેજવાબદાર રીતે વાહન થોભાવી રાખનારા ચાલકો વિરુદ્ધ પણ ગુના નોંધવામાં આવ્યા છે. આ કામગીરીથી હાઈવે પર વાહનોની અવરજવર વધુ સરળ અને સુરક્ષિત બનશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

## વડોદરા: યુવક ગુમ, યુવાનનું શંકાસ્પદ મોત અને બાળકી દાઝી

વડોદરાના ગ્રામ્ય વિસ્તારોમાં એક તરફ ગુમ થયેલા યુવકની શોધખોળ ચાલી રહી છે તો બીજી તરફ અકસ્માત અને મોતના બનાવોએ ચકચાર મચાવી છે. વરનામા પોલીસ સ્ટેશન હેઠળ આવતા ધનિયાવી ગામના એક ગેરેજ પરથી 13 ફેબ્રુઆરીની રાત્રે 37 વર્ષીય નીરવભાઈ પ્રકાશભાઈ મકવાણા ગુમ થયા છે. તેઓ આકાશી વાદળી ટી-શર્ટ અને બ્લુ જીન્સમાં જોવા મળ્યા હતા. બીજી ઘટના ચાણોદની છે, જ્યાં નવીનગરીમાં રહેતા 26 વર્ષીય અજયભાઈ વસાવા 17 ફેબ્રુઆરીએ પોતાના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. મૃતકના પિતાએ આ મોતને કુદરતી ન ગણાવતા શંકાસ્પદ ગણાવ્યું છે, કારણ કે મૃતકની પીઠ પર લાલ રંગના નિશાનો જોવા મળ્યા હતા. આ મામલે હાલ ઊંડી તપાસની માંગ કરવામાં આવી છે. ત્રીજી ઘટનામાં, પાદરાના ચોકરી ગામે ત્રણ વર્ષની બાળકી હેતલ રમતા-રમતા ગરમ ખીચડીના તપેલામાં પડી ગઈ હતી. અચાનક બનેલી આ ઘટનામાં બાળકી ગંભીર રીતે દાઝી જતા પરિવારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

# બોટાદમાં ગર્લ્સ સ્કૂલના આચાર્યની લંપટલીલાથી શિક્ષણ જગત કલંકિત

## બોટાદ: ગર્લ્સ સ્કૂલના આચાર્ય સામે પોક્સો, ટ્રસ્ટીઓ શંકાના ઘેરામાં

**દૈનિક પલ્સ સમાચાર:** શિક્ષણ જગતને હચમચાવી દેતી એક શરમજનક ઘટનામાં બોટાદની સરદાર પટેલ ગર્લ્સ સ્કૂલના આચાર્યની લંપટલીલાનો પર્દાફાશ થયો છે. દીકરીઓના શિક્ષણ અને સંસ્કારના નામે ચાલતી આ સંસ્થાના આચાર્યએ જે કુકર્મ કર્યું છે તેનાથી સમાજનું માથું શરમથી ઝૂકી ગયું છે. આચાર્ય સામે પોક્સો હેઠળ ગુનો નોંધાતા પોલીસ તપાસ તેજ થઈ છે, પરંતુ આ ઘટનાએ સંસ્થાની આંતરિક વ્યવસ્થા પર અનેક સવાલો ઉભા કર્યા છે. શું આ લંપટલીલા એકાએક શરૂ થઈ હશે? ના, જાણકારોનું માનીએ તો આ ગંદો ખેલ લાંબા સમયથી ચાલતો હોવાની આશંકા છે. તો પછી સવાલ એ થાય છે કે શાળાના ટ્રસ્ટી મંડળના કાન સુધી આ વાત કેમ ન પહોંચી? શું ટ્રસ્ટીઓ આ બધું જાણીને પણ મૌન હતા? વાલીઓમાં એવી પ્રબળ ચર્ચા છે કે આ પાપ છુપાવવામાં અને મામલો રફેદફે કરવામાં ટ્રસ્ટીઓની પણ પરોક્ષ સંડોવણી હોઈ શકે છે. જો દીકરીઓ સુરક્ષિત ન હોય તો આવા મોટા બિલ્ડીંગો અને એસી રૂમો ધરાવતી શાળાઓનો શું અર્થ? આચાર્યની આ નીચ હરકતોએ વાલીઓના વિશ્વાસનો ખૂન કર્યો છે. ગર્લ્સ સ્કૂલ હોવા છતાં આટલી મોટી લાપરવાહી કેવી રીતે થઈ શકે? દૈનિક પલ્સ ના માધ્યમથી અમે માંગ કરીએ છીએ કે માત્ર આચાર્ય જ નહીં, પરંતુ જો આ મામલામાં કોઈ પણ ટ્રસ્ટી કે અન્ય કર્મચારીની સંડોવણી હોય અથવા તેમણે આ પાપ છુપાવવા પ્રયાસ કર્યો હોય તો તેમને પણ જેલના સળિયા પાછળ ધકેલવા જોઈએ. શિક્ષણના પવિત્ર વ્યવસાયને હવસનો અડ્ડો બનાવનારાઓને કડકમાં કડક સજા મળવી જ જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ આવું દુ:સાહસ ન કરી શકે.




**બોટાદમાં વિદ્યાના ધામને કલંકિત કરતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. સરદાર પટેલ ગર્લ્સ સ્કૂલના આચાર્યની લંપટલીલાનો પર્દાફાશ થતા વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. માસૂમ દીકરીઓ સાથે અશોભનીય વર્તન કરનાર આચાર્ય સામે પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટનાએ અનેક સવાલો ઉભા કર્યા છે, શું આ પાપ છુપાવવામાં શાળાના ટ્રસ્ટીઓ પણ ભાગીદાર છે? શિક્ષણના ઓઠા હેઠળ ચાલતા આવા ગંદા ખેલ સામે કડક કાર્યવાહીની માંગ ઉઠી છે.**

# વિજયનગરમાં કમોસમી વરસાદના ડરે ખેડૂતોનો મોંએ આવેલો કોળિયો છીનવાશે

**દૈનિક પલ્સ સમાચાર:** વિજયનગર પંથકમાં ખેતી પર જોખમના વાદળો ઘેરાયા છે. ધરતીપુત્રોએ રાત-દિવસ એક કરીને જે ઘઉંનો પાક ઉછેર્યો હતો, તેની કાપણી સમયે જ વાતાવરણ પલટાતા ખેડૂતોની આશા પર પાણી ફરતું દેખાઈ રહ્યું છે. વાદળછાયા વાતાવરણ અને ફૂંકાતા પવનોને કારણે તૈયાર પાક જમીનદોસ્ત થવાની અને કમોસમી વરસાદથી તેને નુકસાન થવાની પૂરેપૂરી શક્યતા છે.

ખેડૂતોનો આક્રોશ અને ચિંતા વ્યાજબી છે, કારણ કે આ સમયે વાતાવરણમાં ભેજ વધવાથી ઘઉંના ઉત્પાદનને માઠી અસર થશે. કાપણી માટે તૈયાર ઉભેલા પાકને સુરક્ષિત જગ્યાએ ખસેડવો મુશ્કેલ છે, અને જો વરસાદ ત્રાટક્યો તો ખેડૂત દેવાના ડુંગર નીચે દબાઈ જશે. વિજયનગરના આજુબાજુના વિસ્તારોમાં અત્યારે વાદળોના ગડગડાટ વચ્ચે ખેડૂત પુત્રોના હૃદયના ધબકારા વધી ગયા છે. મોંઘવારીના આ યુગમાં માંડ બે પાંદડે થવાની આશા રાખતા ખેડૂત માટે આ 'આકાશી આફત' સાબિત થઈ શકે છે. વારંવાર બદલાતી આ આબોહવા ખેડૂતોની આર્થિક કમર તોડી રહી છે અને ખેતી હવે નફાને બદલે નુકસાનનો સોદો બની રહી છે તે કડવી વાસ્તવિકતા છે.




રિપોર્ટ : યાજ્ઞિક પટેલ




# વડોદરા: પ્રાકૃતિક ખેતી અને મત્સ્યપાલનથી ખેડૂતની પ્રગતિ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લાના પ્રગતિશીલ ખેડૂત લક્ષ્મણભાઈ જાદવે ખેતીને માત્ર વ્યવસાય નહીં પણ એક સફળ સંચાલિત મોડેલ તરીકે પ્રસ્થાપિત કર્યું છે. વાઘોડિયા તાલુકાના ગુલાબપુરા ગામના લક્ષ્મણભાઈ છેલ્લા ૧૦ વર્ષથી પોતાની ૧૦ વિંઘા જમીનમાં 'સંકલિત ખેતી' પદ્ધતિ અપનાવી રહ્યા છે, જેના કારણે તેમની આવક પરંપરાગત ખેતી કરતા ત્રણ ગણી વધી છે.

તેમની આ સફળતાના ત્રણ મુખ્ય સ્તંભ છે: પ્રાકૃતિક ખેતી, પશુપાલન અને મત્સ્યપાલન. લક્ષ્મણભાઈ પોતાની ૭ વિંઘા જમીનમાં છેલ્લા ૩ વર્ષથી સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરે છે. અહીં તેઓ ડાંગર, ઘઉં, કપાસ અને શાકભાજી જેવા પાકો લે છે. પ્રાકૃતિક ખેતીમાં ઉગાડવામાં આવતો રસાયણમુક્ત ઘાસચારો તેમના ૬ પશુઓ (૨ ગાય અને ૪ ભેંસ) ને ખવડાવવામાં આવે છે, જેના પરિણામે દૂધના ઉત્પાદનમાં દેખીતો સુધારો જોવા મળ્યો છે. પશુપાલનથી મળતું ખાતર ખેતી માટે ઉપયોગી બને છે, જે ખર્ચમાં મોટો ઘટાડો કરે છે.

ખેતીમાં નવીનતા લાવતા લક્ષ્મણભાઈએ ૩ વિંઘા જમીનમાં મત્સ્યપાલન માટે તળાવ બનાવ્યું છે. આ તળાવ દ્વારા તેમને દર ૩ થી ૬ મહિને નિયમિત અને વધારાની આવક પ્રાપ્ત થાય છે. સરકારશ્રીની દેશી ગાય આધારિત ખેતીની યોજનાનો લાભ પણ તેમણે લીધો છે, જે આર્થિક રીતે મદદરૂપ સાબિત થઈ છે. લક્ષ્મણભાઈના મતે, પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા વધે છે અને ગ્રાહકોને ઝેરમુક્ત અનાજ મળે છે. આ ત્રિમુખી ખેતી પદ્ધતિ ખેડૂતને આત્મનિર્ભર બનાવે છે અને ખેતીના જોખમોને ઘટાડે છે. જો એક પાક નિષ્ફળ જાય, તો પશુપાલન અને મત્સ્યપાલન આર્થિક ટેકો પૂરો પાડે છે. લક્ષ્મણભાઈ જાદવનો આ કિસ્સો સાબિત કરે છે કે યોગ્ય સંચાલન અને વિવિધતા અપનાવવાથી ખેડૂત આજના સમયમાં સમૃદ્ધ બની શકે છે.



સંકલન-વૈશાલી પરમાર




# મોરબી સિવિલ: પરપ્રાંતીય શ્રમિકને સિલિકોસિસ સર્ટિફિકેટનો ઈનકાર

**દૈનિક પલ્સ સમાચાર:** મોરબી સિવિલ હોસ્પિટલનો એક અમાનવીય ચહેરો સામે આવ્યો છે, જ્યાં ઉત્તર પ્રદેશના એક શ્રમિકને માત્ર પરપ્રાંતીય હોવાના કારણે સિલિકોસિસનું સર્ટિફિકેટ આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે. અમિત કુમાર નામના શ્રમિક, જેઓ મોરબીના ઉદ્યોગોમાં મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે, તેમને ફેફસાની ગંભીર બીમારી સિલિકોસિસ હોવાનું નિદાન થયું હતું. જોકે, હોસ્પિટલ તંત્રએ તેમને પ્રમાણપત્ર આપવાની સાફ મનાઈ કરી દીધી હતી. આ બાબતને લઈને આજે જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ફરિયાદ મુજબ, આ કૃત્ય ભારતીય બંધારણની કલમ 14 અને 21 હેઠળ મળેલા સમાનતા અને જીવવાનો અધિકારનો સીધો ભંગ છે. મોરબીના વિકાસમાં પરપ્રાંતીય શ્રમિકોનો મોટો ફાળો છે, ત્યારે જ્યારે તેઓ બીમાર પડે ત્યારે તેમને રાજ્ય બહારના ગણી મદદ ન કરવી એ શરમજનક છે. રજૂઆતમાં ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે જો 7 દિવસમાં અમિત કુમારને ન્યાય નહીં મળે અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં નહીં આવે, તો આ સમગ્ર મામલો રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC) સમક્ષ લઈ જવામાં આવશે. તંત્રના આવા ભેદભાવભર્યા વલણના કારણે ગરીબ મજૂરો સરકારી યોજનાઓ અને સહાયથી વંચિત રહી જાય છે, જે તેમના જીવન માટે જોખમી સાબિત થઈ શકે છે.




રિપોર્ટ બોચિયા નરોત્તમભાઇ

**મોરબી સિવિલ હોસ્પિટલનો અમાનવીય ચહેરો સામે આવ્યો છે. યુપીના શ્રમિક અમિત કુમારને સીલીકોસીસનું નિદાન થયું હોવા છતાં, હોસ્પિટલ તંત્રએ તેઓ બહારના રાજ્યના હોવાનું કારણ જણાવી સર્ટિફિકેટ આપવાની ના પાડી દીધી છે. આ મામલે કલેક્ટરને લેખિત ફરિયાદ કરવામાં આવી છે. રજૂઆતકર્તાઓના મતે, રાજ્ય બહારના હોવાને કારણે સારવાર કે પ્રમાણપત્ર અટકાવવું એ બંધારણીય અધિકારોનું હનન છે. જો સત્વરે કાર્યવાહી નહીં થાય તો આ લડત રાષ્ટ્રીય કક્ષાએ લઈ જવાશે.**

# પાક સંરક્ષણ યોજના: ખેડૂતોને પાક સંગ્રહ માટે એક લાખની સહાય

**દૈનિક પલ્સ સમાચાર:** ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને વિવિધ યોજનાઓ દ્વારા સશક્ત બનાવવાની કામગીરી અવિરત ચાલી રહી છે. તે પૈકીની 'પાક સંરક્ષણ યોજના' ખેડૂતો માટે પાયાનું સંરક્ષણ પૂરું પાડે છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સિંચાઈ, ધિરાણ અને લણણી પછીના સંગ્રહની સુવિધાઓમાં સુધારો કરવાનો છે. આ યોજના હેઠળ ખેડૂતને પાક સંગ્રહ માટે શેડ બનાવવા ₹1 લાખની સહાય મળે છે, જેથી બજારભાવ યોગ્ય ન હોય ત્યાં સુધી પાકને સાચવી શકાય. વડોદરાના દોડકા ગામના ખેડૂત ગોવિંદભાઈ ચૌહાણ આ યોજનાનો જીવંત પુરાવો છે. તેમણે સરકારનો આભાર માનતા જણાવ્યું કે, તેમનું ખેતર ઘરથી દૂર હોવાથી ચોમાસામાં અનાજ સાચવવાની મોટી સમસ્યા હતી. ઘઉં, કેળા અને બાજરી જેવા પાકોની કાપણી સમયે વરસાદથી પાક બગડવાનો ભય રહેતો. પરંતુ પાક સંરક્ષણ યોજનાનો લાભ મળતા તેમણે ખેતર પર જ 15*30 ચો. ફૂટનું સ્ટ્રક્ચર બનાવ્યું છે. હવે તેઓ ત્યાં ખેતીના સાધનો મૂકી શકે છે અને મજૂરો માટે બપોરે આરામની પણ વ્યવસ્થા થઈ છે. કુદરતી આપત્તિ જેવી કે વાવાઝોડું કે ભારે વરસાદ સામે આ યોજના રક્ષણ પૂરું પાડે છે. આમ, ખેડૂત હવે વચેટિયાઓ કે ખરાબ હવામાનના ડર વગર પોતાની ખેત પેદાશોનો યોગ્ય સંગ્રહ કરી આર્થિક પ્રગતિ કરી રહ્યો છે.



સંકલન- વૈશાલી પરમાર

**રાજ્ય સરકારની પાક સંરક્ષણ યોજના હેઠળ ખેડૂતોને પાક સંગ્રહિત કરવા શેડ બનાવવા માટે ₹1 લાખની સહાય અપાય છે. વડોદરાના દોડકા ગામના ખેડૂત ગોવિંદભાઈએ આ યોજનાનો લાભ લઈ ખેતર પર સુરક્ષિત સ્ટ્રક્ચર બનાવી આર્થિક સુરક્ષા મેળવી છે.**

# અમિત ચાવડાએ બજેટને વાસ્તવિકતાથી વિપરીત અને સપનાઓનું પોટલું ગણાવ્યું

## અમિત ચાવડા: 2047ના સપના બતાવતું નિરાશાજનક બજેટ




**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલા ₹4,08,000 કરોડના બજેટને વિપક્ષી નેતા અમિત ચાવડાએ આંકડાઓની માયાજાળ અને હકીકતથી દૂર ગણાવ્યું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, "આ બજેટ 2047ના સપના બતાવે છે, પરંતુ 2026ની જનતાની હાલાકીને નજરઅંદાજ કરે છે." અમિત ચાવડાએ તુલનાત્મક પ્રહાર કરતા કહ્યું કે ભાજપ શાસિત અન્ય રાજ્યોમાં મહિલાઓ માટે 'લાડલી બહેન' જેવી આર્થિક મદદની યોજનાઓ છે, તો ગુજરાતની બહેનો માટે ગેસ સિલિન્ડર સસ્તા કેમ નથી? ખેડૂતો માટે સંપૂર્ણ દેવા માફીની જાહેરાત ન કરીને સરકારે સૌથી મોટો વિશ્વાસઘાત કર્યો છે. કમોસમી વરસાદ અને ખેતીના ખર્ચ સામે પાક વીમા જેવી કોઈ નક્કર સુરક્ષા બજેટમાં જોવા મળતી નથી. તેમણે સરકારના 'ગુજરાત મોડલ' પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે 5 વર્ષમાં ગુજરાતનું દેવું ₹79,152 કરોડ વધ્યું છે, જેમાં ઉદ્યોગપતિઓને લહાણી કરવામાં આવે છે અને દેવું જનતા પર લાદવામાં આવે છે.

યુવા રોજગાર, ફિક્સ પે અને આઉટસોર્સિંગ પ્રથા નાબૂદી જેવા મહત્વના મુદ્દાઓ પર બજેટમાં મૌન છે. આશા વર્કર, આંગણવાડી બહેનો અને ઓલ્ડ પેન્શન સ્કીમની લાંબા સમયની માંગણીઓ પર ધ્યાન અપાયું નથી. એસસી, એસટી અને પછાત વર્ગો માટે વસ્તીના પ્રમાણમાં ફાળવણી ન થવાથી સામાજિક ન્યાયની વાતો પણ પોકળ સાબિત થઈ છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉદ્યોગોના આંકડાઓ પાછળ સામાન્ય માણસની રોજી-રોટી, મોંઘવારી અને પાયાની જરૂરિયાતો છુપાઈ ગઈ છે. અંતમાં તેમણે ઉમેર્યું કે આ બજેટ જનતાને ન્યાય આપવા માટે નહીં પણ માત્ર પ્રચાર અને જાહેરાતો માટે રજૂ કરાયેલો એક દસ્તાવેજ છે, જે ગુજરાતની જનતાની અપેક્ષાઓ સાથે ક્રૂર મજાક સમાન છે.

**ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલા બજેટ પર પ્રતિક્રિયા આપતા અમિત ચાવડાએ જણાવ્યું કે, આ બજેટ આંકડાઓની માયાજાળ છે. ભાજપ શાસિત અન્ય રાજ્યોમાં મહિલાઓને આર્થિક મદદ મળે છે, તો ગુજરાતની બહેનો કેમ અળખામણી? તેમણે ખેડૂતોના દેવા માફ ન કરવા બદલ સરકારને આડે હાથ લીધી હતી. ચાવડાએ ઉમેર્યું કે છેલ્લા 5 વર્ષમાં ગુજરાતનું દેવું ₹79,152 કરોડ વધ્યું છે. આ બજેટમાં સમાન કામ સમાન વેતન કે મોંઘવારી ઘટાડવા માટે કોઈ નક્કર જોગવાઈ ન હોવાથી જનતાની અપેક્ષાઓ પર પાણી ફરી વળ્યું છે.**

# ડેસર: આઈસરમાં કોથળાની આડમાં છુપાવેલ ₹24 લાખનો દારૂ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ડેસરના રાયપુરા-છત્રપુરા પંથકમાં વહેલી સવારે દારૂની હેરાફેરી કરતા તત્વો સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. બાતમી મળી હતી કે એક આઇસર ગાડીમાં અનાજના કોથળાની આડમાં દારૂનો જથ્થો લાવવામાં આવી રહ્યો છે. જેના આધારે વોચ ગોઠવતા બાતમી મુજબની આઇસર ગાડી પસાર થતા જ પોલીસે તેને અટકાવવા ઈશારો કર્યો હતો. જોકે, આરોપીઓએ ગાડી હંકારી મુકતા પોલીસે પીછો કરીને રાયપુરા પાસે તેમને આંતરી લીધા હતા. આઇસરની તલાશી લેતા તેમાં ડાંગર ભરવાના કણતનના કોથળાની નીચે વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ 249 પેટીઓમાંથી 5,976 બોટલ કબજે કરી છે, જેની બજાર કિંમત ₹16,15,488 થાય છે. આ જથ્થા સાથે આઇસર ગાડીની કિંમત ઉમેરતા કુલ ₹24,61,488 નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આરોપીઓ પૈકી રાજુભાઈ પરમાર (રહે. હેમરાજપુરા, ઉમરેઠ) અને રસિકભાઈ પરમાર (રહે. સામરખા, આણંદ) ની સ્થળ પરથી ધરપકડ કરવામાં આવી છે. જ્યારે આ નેટવર્કમાં સંડોવાયેલા અન્ય એક શખ્સ ભરતભાઈ પરમારની શોધખોળ શરૂ કરવામાં આવી છે. આ શખ્સો વગર પરમિટે આર્થિક લાભ ખાતર દારૂની હેરાફેરી કરી રહ્યા હોવાનું ખુલ્યું છે.



રિપોર્ટ : કિરણસિંહ સોલંકી




## ભાવનગર: ઈંટ અને સોડાની બોટલો વડે સામસામે મારામારી

ભાવનગર શહેરના ખેડૂતવાસ વિસ્તારમાં મોડી રાત્રે જૂથ અથડામણની ઘટના બની હતી. હરેશ ઉર્ફે જટી વાઘેલા નામના યુવાન જ્યારે સોડા લઈને પરત ફરી રહ્યો હતો, ત્યારે ત્યાં બેઠેલા કેટલાક શખ્સોએ તેની સામે જોઈ કાતર મારી હતી. આ બાબતે પૂછપરછ કરતા મામલો ગરમાયો હતો અને બોલાચાલી મારામારીમાં ફેરવાઈ હતી. ત્રણેય આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ઈંટો અને સોડાની બોટલો વડે હરેશ પર હુમલો કર્યો હતો. આ દરમિયાન પાછળથી અન્ય શખ્સો પણ આવી પહોંચ્યા હતા અને પથ્થરમારો શરૂ કર્યો હતો. હુમલામાં રાહુલ નામના યુવાનના માથામાં સોડાની બોટલ વાગતા ગંભીર ઈજા થઈ હતી. આ અથડામણમાં બંને પક્ષે કુલ 5 લોકો ઘાયલ થયા છે. દેકારો થતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તોને 108 મારફતે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. ઘોઘારોડ પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે સાતથી વધુ શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## લાખણકા ગામે રેતી ચોરી પર ખાણ ખનીજ વિભાગની ત્રાટકતી ટીમ

ભાવનગરના લાખણકા ગામે ભૂસ્તરશાસ્ત્રી બી.એમ.જાળોંધરાના માર્ગદર્શન હેઠળ ખાણ ખનીજ વિભાગે ખનીજ ચોરો પર મોટો સપાટો બોલાવ્યો છે. લાખણકા ગામે લાંબા સમયથી ગેરકાયદેસર રીતે રેતી ખનન અને તેને ચાળવાની પ્રવૃત્તિ ચાલતી હોવાની બાતમી મળી હતી. જેના આધારે તપાસ ટીમે આજે વહેલી સવારે 7 અલગ-અલગ સ્થાનો પર આકસ્મિક દરોડા પાડ્યા હતા.આ કાર્યવાહી દરમિયાન રેતી ચાળવાના 7 મોટા ચારણા અને અન્ય ખનન સાધનો ઝડપી લેવામાં આવ્યા છે. તંત્રએ કુલ ₹25 લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ શરૂ કરી છે. આ પ્રવૃત્તિમાં સંડોવાયેલા સ્થાનિક 7 શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જપ્ત કરાયેલા સાધનોને હાલ સુરક્ષાના કારણોસર તગડી ખાતેના સેન્ટર પર ખસેડવામાં આવ્યા છે. ખનીજ વિભાગની આ સતત કાર્યવાહીને પગલે ગેરકાયદે ખનન કરતા તત્વોમાં દોડધામ મચી ગઈ.

## ભાવનગર-સુરત ફ્લાઈટ શરૂ: કેન્દ્રીય મંત્રીની રજૂઆત સફળ

ભાવનગર-સુરત વચ્ચેની હવાઈ કનેક્ટિવિટી ફરી સ્થાપિત કરવામાં આવી છે. જાન્યુઆરી 2026થી ટેકનિકલ કારણોસર સ્થગિત થયેલી આ સેવા 18 ફેબ્રુઆરીથી પુનઃ કાર્યરત થઈ છે. આ સેવા બંધ થતા મુસાફરોને પડતી મુશ્કેલીને ધ્યાને રાખી કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાએ સક્રિય ભૂમિકા ભજવી હતી. તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવી સાથે ટેલિફોનિક વાતચીત કરી જનતાની સુવિધા માટે આ સેવા સત્વરે શરૂ કરવા ભારપૂર્વક રજૂઆત કરી હતી.

રાજ્ય સરકારના સકારાત્મક પ્રતિસાદ બાદ આજથી 9 સીટર એરક્રાફ્ટ ભાવનગર અને સુરત વચ્ચે દોડશે. હવાઈ માર્ગે બંને શહેરોનું અંતર ઘટતા હીરા ઉદ્યોગ સાથે જોડાયેલા વેપારીઓ અને રત્નકલાકારોને મોટો લાભ મળશે. મંત્રીએ આ નિર્ણય બદલ રાજ્ય સરકારનો આભાર માન્યો છે અને વિશ્વાસ અપાવ્યો છે કે ભાવનગર-મુંબઈ ફ્લાઈટ પણ ટૂંક સમયમાં શરૂ થાય તે માટે કામગીરી ગતિમાં છે. પરિવહન સુવિધામાં વધારો થતા ભાવનગરના આર્થિક વિકાસને નવી ગતિ મળશે.




# સોનાસણ ખાતે શિક્ષણ અને વ્યસનમુક્તિ માટે ક્ષત્રિય સંમેલન યોજાયું

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાનું સોનાસણ ગામ આજે ક્ષત્રિય સમાજના એકતાના રંગે રંગાયું હતું. સોનાસણ, સોનગઢ અને નનાનપુર ગામના ક્ષત્રિય સમાજ દ્વારા આયોજિત એકતા સંમેલનમાં સમાજના ઉત્થાન માટેના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સંમેલનનો હેતુ માત્ર એકત્રિત થવાનો નહીં, પરંતુ સામાજિક પરિવર્તન લાવવાનો હતો. ખાસ કરીને સમાજના યુવાનોમાં શિક્ષણ પ્રત્યે રુચિ વધે અને તેઓ ઉચ્ચ કારકિર્દી બનાવી શકે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ક્ષત્રિય સમાજમાં રહેલા વ્યસનોના દૂષણને દૂર કરવા માટે ઉપસ્થિત સૌએ સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમમાં સોનાસણ, સોનગઢ અને નનાનપુરના ક્ષત્રિય ભાઈઓ-બહેનો, વડીલો અને જ્ઞાતિના અગ્રણીઓએ હાજર રહીને સંગઠિત શક્તિનું પ્રદર્શન કર્યું હતું. સમાજના આગેવાનોએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, એકતા જ પ્રગતિની ચાવી છે અને જ્યારે સમાજ શિક્ષિત અને વ્યસનમુક્ત હશે ત્યારે જ તે સાચા અર્થમાં સશક્ત બનશે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉમટી પડેલી મેદનીએ દર્શાવ્યું હતું કે સમાજ હવે બદલાવ અને શૈક્ષણિક પ્રગતિ માટે ઉત્સુક છે.



રિપોર્ટ : સોમાજી ચૌહાણ

**સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ખાતે ક્ષત્રિય સમાજ એકતા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા અને સમાજમાંથી વ્યસનો દૂર કરવાના સંકલ્પ સાથે મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ અને ભાઈ-બહેનો જોડાયા હતા.**

# સુરતમાં 'જીવ ના સથવારે' ટ્રસ્ટ દ્વારા દેખાડા વગરની અનોખી માનવસેવા

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતના યોગીચોક વિસ્તારમાં "જન સેવા એ જ પ્રભુ સેવા" ના સૂત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરતું 'જીવ ના સથવારે ચેરીટેબલ ટ્રસ્ટ' આજે ગરીબ અને મધ્યમ વર્ગના અસહાય પરિવારો માટે મોટું સંબળ સાબિત થયું છે. વર્ષ ૨૦૨૧ માં હનુમાન જયંતીના શુભ દિવસે ગોપાલભાઈ સુરાણી અને તેમના સેવાભાવી મિત્રો દ્વારા આ સંસ્થાનો પાયો નખાયો હતો. એક સંવેદનશીલ પ્રસંગમાંથી જન્મેલું આ ટ્રસ્ટ આજે અનેક લોકોની જીવનરેખા બની ગયું છે. ટ્રસ્ટના પ્રતિનિધિ હાર્દિક ચંદારાણાના જણાવ્યા મુજબ, સંસ્થા દ્વારા વિવિધલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. જેમાં નવજાત બાળકની માતાના સ્વાસ્થ્ય માટે પૌષ્ટિક પ્રસૂતિ કીટ (લાડવા, સુવાદાણા અને ટોપરા) નું નિઃશુલ્ક વિતરણ મુખ્ય છે. જેમના પરિવારમાં કમાનાર કોઈ નથી તેવી વિધવા બહેનોને દર મહિને કરિયાણાની કીટ આપવામાં આવે છે. અશક્ત અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે વ્હીલચેર અને વોકર જેવા ઓર્થોપેડિક સાધનો પણ વિનામૂલ્યે ઉપલબ્ધ છે.

સેવાકાર્યોની યાદી અહીં અટકતી નથી; દર શનિવારે શ્રમિકો અને ગરીબ બાળકોને પૌષ્ટિક ભોજન પીરસવામાં આવે છે, તો સરકારી શાળાઓમાં પીવાના પાણીની બોટલો પહોંચાડવામાં આવે છે. ઉનાળાના આકરા તાપમાં જીવદયાના ભાગરૂપે કીડીયારું પૂરવાની સેવા પણ અવિરત ચાલે છે. સૌથી ઉમદા બાબત એ છે કે, સંસ્થા સહાય મેળવનાર વ્યક્તિની ગરિમાને સર્વોપરી ગણે છે. મદદ કરતી વખતે ક્યારેય લાભાર્થીનો ફોટો પાડવામાં આવતો નથી કે તેમનું નામ જાહેર કરવામાં આવતું નથી.

સુરતના રવિ દર્શન સોસાયટી, યોગીચોક ખાતેથી કાર્યરત આ સંસ્થા સમાજમાં એક મૌન ક્રાંતિ લાવી રહી છે. દેખાડા અને સોશિયલ મીડિયાના યુગમાં આવી ગુપ્ત અને નિઃસ્વાર્થ સેવા ખરેખર વંદનીય છે. ગોપાલભાઈ અને તેમની ટીમની આ સેવાની સુવાસ સતત ફેલાતી રહે તેવી શુભેચ્છાઓ સમાજના દરેક વર્ગ તરફથી મળી રહી છે.



રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

**સુરતના યોગીચોકમાં 'જીવ ના સથવારે' ટ્રસ્ટ ગરીબો માટે આશીર્વાદરૂપ. પ્રસુતિ કીટ, કરિયાણું અને અન્નસેવા દ્વારા નિઃસ્વાર્થ સેવાનો યજ્ઞ.**

# બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લૂલા દા સિલ્વા પાંચ દિવસની ભારત મુલાકાતે

## બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ ભારત પહોંચ્યા: AI અને વેપાર પર ચર્ચા



**દૈનિક પલ્સ સમાચાર:** ભારત અને બ્રાઝિલ વચ્ચેના રાજદ્વારી સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાના ઉદ્દેશ્ય સાથે બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લૂલા દા સિલ્વા પાંચ દિવસની સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. નવી દિલ્હી એરપોર્ટ પર તેમનું પરંપરાગત શૈલીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું, જેનાથી તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા. તેમણે ભારતને 'નમસ્તે' કહીને પોતાની મુલાકાતની શરૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે ભારત સાથેની ભાગીદારી વૈશ્વિક સ્તરે ખૂબ જ મહત્વ ધરાવે છે.

રાષ્ટ્રપ્રમુખ સિલ્વાની આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે વિશ્વભરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના નિયમન અને ઉપયોગ પર ચર્ચા ચાલી રહી છે. તેઓ 19 અને 20 ફેબ્રુઆરી દરમિયાન નવી દિલ્હીના 'બીજી AI ઈમ્પેક્ટ સમિટ'માં ભાગ લેશે, જે ભારતની વધતી જતી ટેકનોલોજીકલ શક્તિનું પ્રતીક છે.

ભારત અને બ્રાઝિલ વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર વર્ષ 2025માં 15 અબજ અમેરિકી ડોલરના આંકડાને પાર કરી ગયો છે, જેને આગામી વર્ષોમાં બમણો કરવા માટે બંને દેશો આતુર છે. તેમના વ્યસ્ત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત સૌથી મહત્વની છે, જેમાં દ્વિપક્ષીય સંબંધોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવશે. આ ઉપરાંત, રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ ભવનમાં તેમના સન્માનમાં રાત્રિભોજનનું આયોજન કરશે. વિદેશ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા મુજબ, ઉપરાષ્ટ્રપ્રમુખ સીપી રાધાકૃષ્ણન અને વિદેશ મંત્રી એસ. જયશંકર પણ બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ સાથે અલગ-અલગ બેઠકો યોજશે. આ મુલાકાતથી માત્ર વેપાર જ નહીં, પરંતુ કૃષિ, ઉર્જા, સંરક્ષણ અને ક્લાયમેટ ચેન્જ જેવા મહત્વના મુદ્દાઓ પર પણ બંને દેશો વચ્ચે સહમતિ સધાય તેવી અપેક્ષા છે. બ્રાઝિલ અને ભારત બંને G20 અને BRICS જેવા સંગઠનોમાં સાથે કામ કરે છે, તેથી આ મુલાકાત વૈશ્વિક રાજકારણની દ્રષ્ટિએ પણ સૂચક છે.

**બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લૂલા દા સિલ્વા બુધવારે ભારતની પાંચ દિવસીય સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી આવી પહોંચ્યા છે. વિદેશ રાજ્ય મંત્રી પબિત્રા માર્ગેરિટાએ તેમનું એરપોર્ટ પર સ્વાગત કર્યું હતું. સિલ્વા સાથે બ્રાઝિલની મોટી કંપનીઓના પ્રતિનિધિઓ પણ આવ્યા છે. તેમની મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના વેપારી સંબંધોને મજબૂત કરવાનો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે ભાગીદારી વધારવાનો છે. 19 અને 20 ફેબ્રુઆરીના રોજ તેઓ નવી દિલ્હીમાં આયોજિત 'બીજી AI ઈમ્પેક્ટ સમિટ'માં પણ ખાસ હાજરી આપશે.**

# ગુજરાત બજેટ 2026: વારલી ચિત્રકલા અને કંસરી દેવીની બજેટ પોથી

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત રાજ્યનું વર્ષ 2026-27નું અંદાજપત્ર માત્ર આર્થિક આંકડાઓ જ નહીં, પણ રાજ્યની ભવ્ય સાંસ્કૃતિક વિરાસતનું પણ પ્રતિબિંબ બન્યું છે. નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ જે પોથીમાં બજેટ રજૂ કર્યું તેના પર આદિવાસીઓના પરમ પૂજ્ય 'કંસરી દેવી'નું વારલી ચિત્રકલામાં સુંદર આલેખન કરવામાં આવ્યું હતું. કંસરી દેવીને આદિવાસી સમુદાયમાં સમૃદ્ધિ અને અનાજની દેવી તરીકે ઓળખવામાં આવે છે. આદિવાસી પરંપરા મુજબ, જ્યારે પણ ખેતરમાંથી નવું ધાન આવે કે ઘરમાં લગ્ન જેવા માંગલિક પ્રસંગો હોય ત્યારે કંસરી દેવીની સ્થાપના અને પૂજા કરીને ધન-ધાન્યના ભંડાર ભરેલા રહે તેવા આશીર્વાદ માંગવામાં આવે છે. આ બજેટ પોથી દ્વારા 1200 વર્ષ જૂની વારલી ચિત્રકલાને પ્રોત્સાહન આપવાનો ગુજરાત સરકારનો સતત ચોથો પ્રયાસ છે. વારલી કલા એ દક્ષિણ ગુજરાતના વલસાડ અને મહારાષ્ટ્રના થાણે જિલ્લાની ઓળખ છે. પરંપરાગત રીતે વારલી સ્ત્રીઓ ઘરની ભીંતો પર ચોખાના લોટનો ઉપયોગ કરીને તહેવારો અને ઉત્સવોના દ્રશ્યો કંડારે છે. આ કલાને જીવંત રાખવા માટે છેલ્લા ચાર વર્ષથી બીના હસમુખ પટેલ બજેટ પોથી તૈયાર કરી રહ્યા છે. આ વર્ષે કંસરી દેવીના ચિત્ર દ્વારા બજેટમાં પણ રાજ્યની સુખ-સમૃદ્ધિમાં વધારો થાય તેવો સંદેશ આપવામાં આવ્યો છે.

સરકારના આ ઉમદા પ્રયાસની પ્રશંસા કરતા નિષ્ણાતો જણાવે છે કે, બજેટ જેવા મહત્વપૂર્ણ દસ્તાવેજ પર આદિવાસી કલાને સ્થાન આપવાથી વિશ્વભરમાં ગુજરાતની પ્રાચીન હસ્તકલાની ઓળખ મજબૂત બને છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝનને અનુસરતા આ પગલાથી આદિવાસી કલાકારોને નવું પ્રોત્સાહન અને સન્માન પ્રાપ્ત થયું છે. ભૌમિતિક આકારો અને સરળ રેખાઓ દ્વારા અંકિત આ કલા આજે ગુજરાત વિધાનસભામાં આકર્ષણનું કેન્દ્ર બની



રિપોર્ટ : હસમુખભાઈ નાયક






# નડિયાદ જે. એન્ડ જે. સાયન્સ કોલેજમાં યોજાયો પ્લેસમેન્ટ ફેર

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા જે. એન્ડ જે. સાયન્સ કોલેજમાં આજે રોજગારીનો ઉત્સવ જોવા મળ્યો હતો. ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા મેગા પ્લેસમેન્ટ ફેરે ખેડા અને મહિસાગર જિલ્લાના સેંકડો યુવાનો માટે પ્રગતિના દ્વાર ખોલી દીધા છે. આ પ્લેસમેન્ટ મેળામાં બે જિલ્લાની 17 જેટલી વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ પોતપોતાની ડિગ્રી અને કૌશલ્યના આધારે નોંધણી કરાવી હતી.

આ પ્લેસમેન્ટ ફેરમાં ફાર્માસ્યુટિકલ, આઈટી, કેમિકલ અને બેન્કિંગ જેવા વિવિધ ક્ષેત્રોની 51થી વધુ ઈન્ડસ્ટ્રીઝે ભાગ લીધો હતો. કંપનીઓ દ્વારા કુલ 2700થી વધુ વેકેન્સી જાહેર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના શૈક્ષણિક રેકોર્ડ અને રૂબરૂ ઇન્ટરવ્યુના આધારે કંપનીઓએ લાયક ઉમેદવારોની પસંદગી કરી હતી. ઘણા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ ફેરમાં જ સત્તાવાર નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા, જે તેમના માટે એક મોટી શૈક્ષણિક સિદ્ધિ સમાન છે.

કોલેજના આચાર્ય ડો. એ. એમ. પટેલે આ તકે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને કેસીજી (KCG) દ્વારા યુવા રોજગારી માટે જે અભિગમ અપનાવવામાં આવ્યો છે તે ખરેખર પ્રશંસનીય છે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ નોકરી માટે ભટકવું પડતું હોય છે, પરંતુ આ પ્લેસમેન્ટ ફેરના માધ્યમથી યુવાનોના હાથમાં ડિગ્રી આવે તે પહેલાં જ રોજગારીના અવસર આવી રહ્યા છે. આનાથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધે છે અને તેઓ આર્થિક રીતે પણ સુરક્ષિત અનુભવે છે. આ મેગા પ્લેસમેન્ટ ફેર દ્વારા સ્થાનિક ઉદ્યોગોને પણ કુશળ માનવબળ મળી રહ્યું છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, આવી મોટી કંપનીઓ એક જ છત નીચે ઉપલબ્ધ થવાથી તેમને ઘણી અનુકૂળતા રહી છે. નડિયાદ એજ્યુકેશન સોસાયટીની આ પહેલથી સમગ્ર ખેડા જિલ્લામાં શૈક્ષણિક અને ઔદ્યોગિક સ્તરે હકારાત્મક વાતાવરણ સર્જાયું છે.



રિપોર્ટ : હસમુખભાઈ નાયક






# તારક મહેતાના કલાકારોએ કાગવડ ખોડલધામમાં કર્યા મા ખોડલના દર્શન

**દૈનિક પલ્સ સમાચાર:** તારીખ 17ના મંગળવારના રોજ કાગવડ સ્થિત સુપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના કલાકારો કુશ શાહ (ગોલી), શરદ સાંકલા (અબ્દુલભાઈ), નીતિશ ભુલાણી (ટપુ) અને જતિન બજાજ (ભઈલુ) દર્શનાર્થે પહોંચ્યા હતા. તમામ કલાકારોએ મા ખોડલના ચરણોમાં શીશ ઝુકાવી વિશેષ પૂજા-અર્ચના કરી હતી. ખોડલધામ ટ્રસ્ટ દ્વારા તમામનું ખેસ અને સ્મૃતિ ચિન્હ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

કલાકારોએ મંદિર પરિસરની મુલાકાત લઈને ત્યાંના ભવ્ય શિલ્પ સ્થાપત્ય અને અનુશાસિત વ્યવસ્થાની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "અહીં આવીને અમને અનોખી શાંતિ અને દિવ્ય ઊર્જાનો અનુભવ થયો છે. ગુજરાતની મુલાકાત દરમિયાન મા ખોડલના દર્શનનો લ્હાવો મળ્યો તે અમારું સૌભાગ્ય છે." કલાકારોએ વધુમાં કહ્યું કે આપણા મંદિરોમાં જ આપણી સંસ્કૃતિ જીવંત છે અને દરેક ભક્તે અહીંની મુલાકાત લેવી જોઈએ.

પરિસરમાં હાજર દર્શનાર્થીઓ પણ ટપુ અને ગોલી જેવા પાત્રો ભજવતા કલાકારોને જોઈને ખુશખુશાલ થઈ ગયા હતા. કલાકારોએ ચાહકો સાથે હસીને મુલાકાત કરી હતી અને ખોડલધામની દિવ્યતાને કેમેરામાં કેદ કરી હતી. આ મુલાકાત સોશિયલ મીડિયા પર પણ ચાહકોમાં ખૂબ જ ચર્ચાઈ રહી છે.



રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

# ડાકોરના પદયાત્રીઓની સુવિધા માટે કનીજમાં સેવા સમિતિની મહત્વપૂર્ણ બેઠક

**દૈનિક પલ્સ સમાચાર:** આગામી સમયમાં ડાકોર તરફ પ્રયાણ કરતા લાખો ભક્તોની સુવિધાના હેતુથી કનીજ રણછોડરાય મંદિર ખાતે ડાકોર પદયાત્રી સેવા સંકલન સમિતિની એક મહત્વની બેઠક સંપન્ન થઈ હતી. આ બેઠકમાં મહેમદાવાદ અને તેની આસપાસના સેવાભાવી સંગઠનો તેમજ વહીવટી તંત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય એજન્ડા પદયાત્રીઓ માટે આરોગ્ય, સ્વચ્છતા, સુરક્ષા અને ભંડારાની સુવિધાઓને વધુ સારી બનાવવાનો હતો. ચર્ચા દરમિયાન નક્કી કરવામાં આવ્યું કે પદયાત્રીઓના મુખ્ય માર્ગો પર પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા, રાત્રિ વિશ્રામ માટે સુરક્ષિત સ્થળો અને મોબાઈલ શૌચાલય જેવી પાયાની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે. આરોગ્ય સેવાઓ માટે સ્થાનિક હોસ્પિટલો અને સેવાભાવી તબીબોની ટીમો સતત કાર્યરત રહેશે. સુરક્ષાના ભાગરૂપે લાઈટિંગની પૂરતી વ્યવસ્થા અને ભીડ નિયંત્રણ માટે સ્વયંસેવકો તૈનાત કરવામાં આવશે. સિવિલ સોસાયટી અને વહીવટી તંત્ર વચ્ચેના સંકલનથી આ વર્ષની પદયાત્રા વધુ સુવ્યવસ્થિત અને શ્રદ્ધાળુઓ માટે યાદગાર બને તેવા પ્રયાસો કરવામાં આવશે. મહેમદાવાદ રૂટ પર સ્વચ્છતા જાળવવા માટે ખાસ ટીમો પણ બનાવવામાં આવી છે, જે સતત મોનિટરિંગ કરશે.



રિપોર્ટ : હસમુખભાઈ નાયક

**કનીજ રણછોડરાય મંદિર ખાતે ડાકોર પદયાત્રી સેવા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં મહેમદાવાદ રૂટ પર ડાકોર જતાં યાત્રિકો માટે આરોગ્ય, ભંડારા, સ્વચ્છતા અને સુરક્ષાની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા અંગે વિસ્તૃત ચર્ચા અને આયોજન કરવામાં આવ્યું હતું.**

# વિકસિત ગુજરાતના સંકલ્પ સાથે રજૂ થયું ઐતિહાસિક અને કરવેરા મુક્ત બજેટ

## ખેડામાં બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન રથનું ભવ્ય પ્રસ્થાન

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2026-27 માટેનું રાજ્યનું બજેટ રજૂ કરવામાં આવ્યું છે. નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભામાં ₹4,08,000 કરોડનું ઐતિહાસિક કદ ધરાવતું બજેટ રજૂ કર્યું હતું, જે ગત વર્ષના બજેટ કરતાં 10.2 ટકા વધુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત' માટેના રોડમેપને અનુસરતા આ બજેટમાં 'વિકસિત ગુજરાત'ના લક્ષ્યને સાકાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

બજેટની સૌથી મોટી જાહેરાત એ છે કે જનતા પર કોઈપણ પ્રકારના નવા કરવેરા લાદવામાં આવ્યા નથી, જે સામાન્ય મધ્યમ વર્ગ માટે મોટી રાહત છે. બજેટના કેન્દ્રમાં 'GYAN' શક્તિ છે - જેમાં ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિના સર્વાંગી વિકાસ માટે વિશેષ યોજનાઓ અને નાણાકીય જોગવાઈઓ કરવામાં આવી છે. રાજ્યના અર્થતંત્રને મજબૂત બનાવવા માટે કુલ ખર્ચના 65 ટકા રકમને વિકાસલક્ષી કાર્યો માટે ફાળવવામાં આવી છે.

આ બજેટ પાંચ મુખ્ય સ્તંભો પર આધારિત છે:

- **સામાજિક સુરક્ષા**
- **માનવ સંસાધન વિકાસ**
- **માળખાકીય સુવિધાઓ**
- **આર્થિક વિકાસ**
- **ગ્રીન ગ્રોથ**

નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે આ બજેટ માનવ કેન્દ્રિત આર્થિક માળખાનું વિઝન પાર પાડનારું છે. તે પ્રત્યેક વર્ગના લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. સોમનાથ સ્વાભિમાન પર્વની ગૌરવમય ઉજવણીના માહોલમાં રજૂ થયેલું આ બજેટ ગુજરાતના ગતિમાન વિકાસને નવી ઉંચાઈ પર લઈ જશે. શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ જેવા પાયાના ક્ષેત્રોમાં મોટી ફાળવણી કરીને સરકાર ટકાઉ વિકાસ અને ઊર્જા સંક્રમણ તરફ આગળ વધી રહી છે. આ બજેટ માત્ર આંકડાઓની માયાજાળ નથી પણ રાજ્યના ઉજ્જવળ ભવિષ્યની બ્લુપ્રિન્ટ છે.



રિપોર્ટ : હસમુખભાઈ નાયક

**ગુજરાત વિધાનસભામાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ વર્ષ 2026-27નું બજેટ રજૂ કર્યું છે. ₹4.08 લાખ કરોડના કદ ધરાવતા આ બજેટમાં ગયા વર્ષની સરખામણીએ 10.2 ટકાનો વધારો થયો છે. સૌથી મહત્વની વાત એ છે કે પ્રજા પર કોઈ નવો કરવેરો લાદવામાં આવ્યો નથી. આ બજેટ 'GYAN' એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિના સશક્તિકરણ પર કેન્દ્રિત છે. બજેટના કુલ ખર્ચના 65 ટકા હિસ્સો વિકાસલક્ષી કાર્યો માટે ફાળવવામાં આવ્યો છે, જે રાજ્યની આર્થિક ઉન્નતિને વેગ આપશે.**

# ખેડામાં આગામી તહેવારો અને બોર્ડ પરીક્ષાને લઈ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લામાં આગામી દિવસોમાં આવતા મહત્વના સામાજિક પ્રસંગો, તહેવારો અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સમાન બોર્ડની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને પોલીસ અધિક્ષક કચેરી ખાતે એક સર્વગ્રાહી ક્રાઇમ કોન્ફરન્સનું આયોજન થયું હતું. આ બેઠકમાં જિલ્લાના તમામ વિભાગીય અધિકારીઓ હાજર રહ્યા હતા. કોન્ફરન્સમાં ખાસ કરીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. આગામી તહેવારોમાં શાંતિ અને સૌહાર્દ જળવાઈ રહે તે માટે સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ વોચ રાખવા અને જનસંપર્ક વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. બોર્ડની પરીક્ષા અંગે વાત કરતા અધિકારીઓએ જણાવ્યું હતું કે પરીક્ષા કેન્દ્રો પર ગેરરીતિ અટકાવવા અને વિદ્યાર્થીઓને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ગુનાખોરી અટકાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ વધારવા અને સીસીટીવી સર્વેલન્સને વધુ સઘન બનાવવાના આદેશો આપવામાં આવ્યા હતા. ટ્રાફિક નિયમન અને નાગરિકોની સુવિધા માટે પણ આ બેઠકમાં વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. અંતમાં, તમામ અધિકારીઓને પોતપોતાના વિસ્તારમાં સતર્ક રહીને કામગીરી કરવા અને સામાન્ય જનતા સાથે સુમેળભર્યા સંબંધો જાળવી રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



રિપોર્ટ : હસમુખભાઈ નાયક




# રાજકોટ: ડો. યાજ્ઞિક રોડ પર ડામર કામમાં ગંભીર બેદરકારી

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ શહેરના રાજમાર્ગો પર ડામર કામની ગુણવત્તા હંમેશા વિવાદમાં રહે છે અને આજે ફરી એકવાર ડો. યાજ્ઞિક રોડ પર તેની સાબિતી મળી ગઈ છે. ધર્મેન્દ્રસિંહજી કોલેજ પાસે નવા થઈ રહેલા ડામર કામમાં જે પ્રકારે લોલમલોલ કામગીરી થઈ રહી છે, તે જોતા સ્પષ્ટ જણાય છે કે તંત્ર અને કોન્ટ્રાક્ટર વચ્ચેની મિલીભગત જનતાને માથે પડી રહી છે.

ઘટનાસ્થળ પરના દ્રશ્યો મુજબ, રોડ એન્જિનિયરિંગના તમામ નિયમોને નેવે મૂકી દેવામાં આવ્યા છે. ડામર પાથરતા પહેલા રસ્તાને સાફ કરી કચરો દૂર કરવાની પાયાની જરૂરિયાત પણ સંતોષવામાં આવી નથી. ઉલટાનું, રસ્તા પર જામેલી ધૂળ ઉપર જ સીધો ડામર અને મેટલનું મિશ્રણ ઠાલવી દેવામાં આવ્યું હતું. ન તો ડામરનો છંટકાવ કરવામાં આવ્યો, ન તો સપાટીને તૈયાર કરવામાં આવી. માત્ર ટ્રકમાંથી મટીરીયલ પાથરીને રોલર ફેરવી દેવાની તજવીજ હાથ ધરાઈ હતી.

રસ્તેથી પસાર થતા જાગૃત નાગરિકોએ આ દ્રશ્યો જોઈને સવાલ ઉઠાવ્યો હતો કે શું આ પ્રકારે કામ કરવાથી રોડ લાંબો સમય ટકશે? ધૂળ પર ડામર ક્યારેય ચોંટતો નથી, પરિણામે થોડા જ સમયમાં આ રોડ પોપડા બનીને ઉખડી જશે. પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા આ પ્રકારે વેડફાતા જોઈને સ્થાનિકોમાં ભારે નારાજગી જોવા મળી છે. આ મામલે લોકોની સ્પષ્ટ માંગ છે કે મનપાના એન્જિનિયરો સ્થળ તપાસ કરે અને જે કોન્ટ્રાક્ટરે આ પ્રકારે હલકી ગુણવત્તાનું કામ કર્યું છે તેની સામે કડક દંડનીય કાર્યવાહી કરી તેનું લાયસન્સ રદ કરવામાં આવે. જો આવી જ લોલમલોલ ચાલતી રહી તો રાજકોટના રસ્તાઓ ક્યારેય ખાડા મુક્ત નહીં થઈ શકે. તંત્ર હવે આ ભ્રષ્ટાચારના ડામર પર ક્યારે એક્શન લેશે તે જોવું રહ્યું.



રિપોર્ટ : હાર્દિક ચંદારાણા




# રાજકોટના જંગલેશ્વરમાં મેગા ડિમોલિશનની તૈયારી: મનપાનો કાફલો સ્ટેન્ડ બાય

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં ફરી એકવાર તંત્રનું બુલડોઝર ગર્જવાની તૈયારીમાં છે. મનપા દ્વારા આગામી સપ્તાહમાં મેગા ડિમોલિશનની કામગીરી હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અગાઉ 1357 જેટલી મિલકત ધારકોને નોટિસ અપાઈ હતી, પરંતુ સ્થાનિકોએ હાઈકોર્ટના દ્વાર ખખડાવતા સ્ટે મળ્યો છે. મનપા હવે જે મિલકતો સ્ટે હેઠળ નથી તેવા અન્ય ગેરકાયદે દબાણો અને આજી નદીના કાંઠે થયેલા કાચા-પાકા બાંધકામો દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ મેગા ડિમોલિશન માટે મનપાએ માઇક્રો પ્લાનિંગ શરૂ કર્યું છે. વિવિધ 6 વોર્ડના સુપરવાઈઝર, કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓને સ્ટેન્ડ ટુ રહેવા જણાવાયું છે. કુલ 21 જેસીબી, 26 ટ્રેક્ટર અને 2 હિટાચી મશીન સાથે 150 જેટલા મજૂરોની ટીમ તૈયાર છે. ગેસ કટર અને ટ્રેક્ટર બ્રેકરની પણ મોટા પાયે વ્યવસ્થા કરાઈ છે. એટલું જ નહીં, કામગીરીમાં કોઈ વિઘ્ન ન આવે તે માટે જેસીબી ડ્રાઈવરોના નામ અને મોબાઈલ નંબર સાથેની યાદી પણ અગાઉથી તૈયાર રખાઈ છે. પોલીસ, વિજિલન્સ અને પીજીવીસીએલ જેવા અન્ય સરકારી વિભાગોને પણ સંકલનમાં લેવામાં આવ્યા છે. મનપાના આ કડક વલણથી ગેરકાયદે દબાણ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.



રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

**રાજકોટમાં જંગલેશ્વર અને આજી નદી કાંઠે ગેરકાયદે દબાણો પર ફરશે બુલડોઝર. મનપાએ જેસીબી, હિટાચી અને કાફલો તૈયાર રાખવા આપ્યા આદેશ.**

# સાંતેજ: લપકામણ ગામમાં જ્વેલર્સમાં ચોરી કરનાર મહિલા ગેંગ ઝડપાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ શહેરના રાજકારણમાં અત્યારે મેયર નયનાબેન પેઢડીયાના પતિ વિનોદભાઈના વિવાદાસ્પદ બાંધકામનો ગરમાવો જોવા મળી રહ્યો છે. સામાકાંઠે સંત કબીર રોડ પર એક સૂચિત કોર્નર પ્લોટ પર જે રીતે બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે, તેણે મનપાની ટીપી શાખાની બેધારી નીતિ પર સવાલો ઉભા કર્યા છે. સૂચિત જમીન પર બાંધકામ માટેના કાયદાઓ કડક હોવા છતાં, મેયરના પતિએ કોઈપણ મંજૂરી પૂર્વે જ કામ શરૂ કરી દીધું છે. આ મામલે જ્યારે વિરોધ અને ચર્ચા શરૂ થઈ ત્યારે મેયર નયનાબેને પોતાનો પક્ષ રજૂ કરતા કહ્યું કે આ જગ્યા તેઓને વડીલોપાર્જિત મળી છે અને તેમાં કંઈ ખોટું નથી. તેમણે વધુમાં જણાવ્યું કે રેગ્યુલરાઈઝ કરવાની પ્રક્રિયા ચાલુ છે. જોકે, કાયદા નિષ્ણાતો માને છે કે 'પ્રક્રિયા ચાલુ હોવી' અને 'બાંધકામ શરૂ કરવું' એ બે અલગ બાબતો છે. મેયરે દવાખાના અને આરએસએસ જેવી સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા હોવાનો હવાલો આપીને નૈતિક બચાવ કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ વહીવટી દ્રષ્ટિએ આ એક ગંભીર ક્ષતિ છે.

સામાન્ય જનતામાં એવી ચર્ચા છે કે જો કોઈ સામાન્ય નાગરિકે મંજૂરી વગર એક ઈંટ પણ મૂકી હોત તો તંત્રનું બુલડોઝર અત્યાર સુધી તૂટી પડ્યું હોત. તો પછી મેયરના પતિ સામે અધિકારીઓ મૌન કેમ છે? આ ઘટનાએ સાબિત કર્યું છે કે સત્તાધારી પક્ષના નેતાઓ માટે નિયમો કાગળ પર જ રહે છે. વિવાદને બદઈરાદાપૂર્વકનો ગણાવીને મેયર છટકી જવાનો પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ કાયદાનું સરેઆમ ઉલ્લંઘન સ્પષ્ટપણે નજરે પડી રહ્યું છે. શું આ મામલે કોઈ તપાસ થશે કે પછી સત્તાના પ્રભાવ હેઠળ આ વિવાદને દબાવી દેવામાં આવશે?



રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

**રાજકોટના પ્રથમ નાગરિક મેયર નયનાબેન પેઢડીયાના પતિ વિનોદભાઈએ સંત કબીર રોડ પર સૂચિત કોર્નર પ્લોટમાં નિયમોના ધજાગરા ઉડાડી બાંધકામ શરૂ કરતા ચકચાર મચી છે. સામાન્ય નાગરિકના મકાન પર ત્રાટકતી ટીપી શાખા મેયરના પતિના આ ગેરરીતિભર્યા બાંધકામ સામે લાચાર બની મૌન સેવી રહી છે. જોકે, મેયરે આ વિવાદને બદઈરાદાપૂર્વકનો ગણાવી બચાવ કર્યો છે કે જગ્યા વડીલોની છે અને મંજૂરી પ્રક્રિયા હેઠળ છે. સવાલ એ છે કે મંજૂરી મળ્યા પહેલા જ બાંધકામ કઈ સત્તાના જોરે શરૂ થયું?**


# ભરૂચ કોંગ્રેસમાં હોદ્દા મુદ્દે આંતરિક બગાવત: અવાજ ઉઠાવનારને કરાયા સસ્પેન્ડ

## ભરૂચ કોંગ્રેસમાં આંતરિક કલહ: સસ્પેન્શનથી રાજકારણ ગરમાયું

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ શહેર અને જિલ્લા કોંગ્રેસમાં ચાલી રહેલો 'સીતયુદ્ધ' જેવો માહોલ હવે ખુલ્લી બગાવતમાં ફેરવાયો છે. પક્ષના માળખામાં થઈ રહેલી નિમણૂકોમાં જ્ઞાતિવાદ અને ચોક્કસ સમુદાયને અપાતું મહત્વ હવે કાર્યકરો માટે અસહ્ય બન્યું છે. તાજેતરમાં ભરૂચ શહેર કોંગ્રેસ સમિતિમાં હુસેના હાફેઝીને મહિલા પ્રમુખનો હોદ્દો સોંપવામાં આવ્યો તે સાથે જ વિરોધના સૂર તેજ બન્યા હતા. કોંગ્રેસના કાર્યકર દિનેશ અડવાણીએ આ નિમણૂક અને પક્ષની નીતિ સામે વેધક સવાલો ઉઠાવતા કહ્યું હતું કે, શા માટે માત્ર મુસ્લિમ સભ્યોને જ મહત્વના હોદ્દાઓ લહાણી કરવામાં આવે છે?

આ અવાજ ઉઠાવવો દિનેશ અડવાણી માટે મોંઘો સાબિત થયો છે. શહેર કોંગ્રેસ પ્રમુખ સલીમ અમદાવાદીએ પક્ષની શિસ્તનો હવાલો આપી અડવાણીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાનો હુકમ કર્યો છે. આ કાર્યવાહી પક્ષની નબળાઈ છતી કરે છે, કારણ કે આંતરિક મંચ પર પ્રશ્નો પૂછનારને સસ્પેન્ડ કરીને કોંગ્રેસ શું સાબિત કરવા માંગે છે તે પ્રશ્ન કાર્યકરો પૂછી રહ્યા છે. ભરૂચ કોંગ્રેસમાં સલીમ અમદાવાદી અને તેમની ટીમ સામે હવે નારાજગીનું મોજું ફરી વળ્યું છે. વિવેચકોનું માનવું છે કે કોંગ્રેસ એક તરફ ભાજપ પર ભેદભાવના આક્ષેપ કરે છે, ત્યારે બીજી તરફ ભરૂચમાં પોતાના જ પક્ષમાં જ્ઞાતિવાદી રાજકારણ રમી રહી છે. મહિલા શહેર પ્રમુખની વરણી માત્ર એક નિમિત્ત છે, વાસ્તવમાં આ લડાઈ વર્ચસ્વની છે. જે રીતે પક્ષના વફાદાર કાર્યકરનો અવાજ દબાવી દેવામાં આવ્યો છે, તેનાથી ભરૂચ કોંગ્રેસમાં મોટું ગાબડું પડવાની શક્યતા છે. સસ્પેન્શનની આ હિલચાલ બાદ દિનેશ અડવાણી આગામી દિવસોમાં શું સ્ટેન્ડ લે છે અને હાઈકમાન્ડ આ મામલે મધ્યસ્થી કરે છે કે નહીં તે જોવું રહ્યું. હાલ તો ભરૂચ કોંગ્રેસમાં 'બોલે તેના બોર વેચાય' નહીં પણ 'બોલે તેને જેલ (સસ્પેન્શન) થાય' જેવી સ્થિતિ સર્જાઈ છે.

**રિપોર્ટ : શૈલેષ સોલંકી**




**ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના બીજા દિવસે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ ગૃહની કાર્યવાહીના લાઈવ પ્રસારણની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આપના નેતાઓએ 'વિધાનસભા લાઈવ કરો' ના નારા લગાવી ગૃહ ગજવ્યું હતું. ધારાસભ્યોનું કહેવું છે કે જનતાને ખબર પડવી જોઈએ કે તેમના પ્રતિનિધિઓ ગૃહમાં કેવી રીતે પ્રશ્નો ઉઠાવે છે. આ વિરોધને પગલે ગૃહમાં થોડો સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને વિપક્ષે સરકાર સામે આક્રમક વલણ અપનાવ્યું હતું.**

# નકલી રાજ્યસેવક બની રૂપિયા પડાવનાર આરોપીને ભાવનગર LCBએ ઝડપ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર અને એસપી નિતેશ પાંડેય દ્વારા જિલ્લામાં વણશોધાયેલા ગુનાઓ ઉકેલવા અને નાસતા ફરતા ગુનેગારોને પકડવા આપેલી કડક સૂચના બાદ એલસીબી એક્શન મોડમાં આવી છે. આ દરમિયાન ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચને બાતમી મળી હતી કે દાઠા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રાજ્યસેવકની ખોટી ઓળખ આપી રૂપિયા પડાવવાના ગુનાનો આરોપી કાનાભાઇ દેવાભાઇ રાજાઇ (રહે. ગાયત્રીનગર, ભાવનગર) બોરડા ગામના પેટ્રોલ પંપ પાસે ઉભો છે. એલસીબીની ટીમે તુરંત ઘટનાસ્થળે પહોંચી આરોપીની અટકાયત કરી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીએ રાજ્યસેવકનું ખોટું નામ ધારણ કરી લોકો પર ધાક જમાવી બળજબરીથી નાણાં પડાવ્યા હતા. આ મામલે દાઠા પોલીસ સ્ટેશનમાં ગુનો રજિસ્ટર નંબર 0333/2025 હેઠળ BNS ની વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધાઈ હતી.

પીઆઈ એ.આર.વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.સી.જાડેજા, ભરતસિંહ ડોડિયા, પ્રવિણભાઇ ગળસર અને ગંભીરભાઇ પરમાર સહિતના સ્ટાફે આ સફળ કામગીરી કરી હતી. પકડાયેલા આરોપીની પૂછપરછમાં અન્ય ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે. હાલમાં કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરી આરોપીને દાઠા પોલીસ મથકને સોંપવામાં આવ્યો છે. આ કામગીરીથી છેતરપિંડી કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



**દાઠા પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા ફરતા આરોપી કાનાભાઇ રાજાઇને ભાવનગર LCBએ ઝડપી પાડ્યો. નકલી અધિકારી બની કરતો હતો ઉઘરાણી.**




## રાજકોટમાં માર્ગ સલામતી અને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ

રાજકોટ શહેરમાં આજે પરિવહન અને સુરક્ષાને લગતી અનેક ગતિવિધિઓ જોવા મળી હતી. ગોંડલ રોડ સ્વામિનારાયણ ગુરુકુળ બ્રિજ પર ઓઈલ ઢોળાવાની ઘટનામાં અનેક ટુ-વ્હીલર ચાલકો લપસી પડ્યા હતા, જેમાં ત્રણ લોકોને સામાન્ય ઇજા થઈ હતી. ફાયર બ્રિગેડે સમયસર પહોંચી સ્થિતિ કાબૂમાં લીધી હતી. વિકાસલક્ષી સમાચારમાં, RMC દ્વારા 45 મીટરના નવા રિંગ રોડ પર 8.50 મીટરનો BRTS કોરિડોર બનાવવાની યોજના ઘડવામાં આવી છે.

શહેરમાં માર્ગ સલામતી વધારવા માટે પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં બ્લેક ફિલ્મ અને નંબર પ્લેટ વગરના વાહનો સામે કડક ઝુંબેશ ચલાવવા આદેશ અપાયા છે. આ ઉપરાંત, શહેરમાં આગની બે ઘટનાઓ બની હતી, જેમાં રૈયા રોડ પર ગેરેજમાં અને પારેવડી ચોક પાસે ટીપરવાનમાં આગ લાગતા નુકસાન થયું હતું. અંતે, મવડી વિસ્તારના રહીશોએ સરકારી જમીન પર થતા અતિક્રમણ અને અસામાજિક પ્રવૃત્તિઓ રોકવા કલેક્ટરને રજૂઆત કરી હતી.

## લગ્ન પહેલા શરીરસંબંધ અને જાણ બહાર ગર્ભપાતનો આક્ષેપ

રાજકોટમાં દહેજ લોભીઓ અને કાયદાનો ડર ન રાખતા તત્વોએ ફરી એકવાર માથું ઊંચક્યું છે. આદિપુરની પરિણીતાએ રાજકોટના ધારવ મજેઠિયા અને તેના પરિવાર સામે ફરિયાદ નોંધાવતા સાસરી પક્ષની ક્રૂરતા બહાર આવી છે. લગ્ન પહેલાં વિશ્વાસમાં લઈ શરીરસંબંધ બાંધ્યા બાદ જ્યારે યુવતી ગર્ભવતી બની, ત્યારે પાપી પતિએ તેની જાણ બહાર દવાઓ ખવડાવી ગર્ભપાત કરાવી દીધો હતો. શું રાજકોટની હોસ્પિટલોમાં નિયમો માત્ર કાગળ પર જ છે? પીડિતાનો આક્ષેપ છે કે શિવાલિક હોસ્પિટલમાં આ ગંભીર કૃત્ય આચરવામાં આવ્યું. કાયદો કહે છે કે મહિલાની લેખિત સંમતિ વિના ગર્ભપાત ન થઈ શકે, છતાં અહીં ધજાગરા ઉડ્યા છે. લગ્ન બાદ પણ દહેજની ભૂખ ન સંતોષાતા સાસરિયાંઓએ પરિણીતાને શારીરિક-માનસિક ત્રાસ આપી નરક જેવી સ્થિતિમાં મૂકી દીધી હતી. પોલીસે આ મામલે તપાસ તેજ કરી છે, પરંતુ સવાલ એ છે કે આવા નરાધમોને કડક સજા ક્યારે મળશે?

## રાજકોટમાં બૂટલેગરની કારનો અકસ્માત: દારૂનો જથ્થો જપ્ત

રાજકોટની ભાગોળે હડમતિયા ગામ પાસે દારૂની હેરાફેરી કરતી કારે એક પરિવારની ઇકો કારને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. સાવરકુંડલાનો જાદવ પરિવાર પોતાનો સામાન ભરીને ઇકો કારમાં કુવાડવા તરફ જઈ રહ્યો હતો, ત્યારે પૂરપાટ ઝડપે આવતી સ્વિફ્ટ કારે તેમને ઠોકર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે ઇકોમાં બેઠેલા 49 વર્ષીય રમીલાબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમના પતિ સુરેશભાઈ અને પુત્રી ક્રિષ્નાને પણ નાની-મોટી ઈજાઓ થઈ છે.

અકસ્માત બાદ સ્વિફ્ટ કારનો ચાલક નાસી છૂટ્યો હતો. પોલીસે જ્યારે કારની તપાસ કરી ત્યારે તેમાંથી દારૂની 396 બોટલો મળી આવી હતી, જેની કિંમત ₹1.58 લાખ આંકવામાં આવી છે. આજી ડેમ પોલીસે અકસ્માત અને દારૂની હેરાફેરી એમ બે અલગ-અલગ ગુના નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે આ દારૂ ભરેલી કાર નવાગામના મનસુખ પરાલિયાની માલિકીની છે.




# નેત્રંગ: સાંદિપની વિદ્યાલયમાં 'મણિકર્ણિકા' થીમ પર વાર્ષિકોત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** નેત્રંગની જાણીતી શૈક્ષણિક સંસ્થા શ્રી સાંદિપની પ્રાથમિક અને માધ્યમિક વિદ્યાલયમાં વાર્ષિક સ્નેહમિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. બે દિવસ ચાલેલા આ મહોત્સવની થીમ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના જીવન પર આધારિત 'મણિકર્ણિકા' રાખવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ રાણી લક્ષ્મીબાઈના જીવનના પ્રસંગોને મંચ પર જીવંત કર્યા હતા. આ મહોત્સવના પ્રથમ દિવસે તાલુકા પંચાયત પ્રમુખ વસુધાબેન વસાવા, આચાર્ય રતનભાઇ વસાવા, નિવૃત્ત આચાર્ય પ્રમોદ સિંહ ગોહિલ સહિત અનેક સામાજિક અગ્રણીઓ હાજર રહ્યા હતા. જ્યારે દ્વિતીય દિવસે જિલ્લા પંચાયત સભ્ય વર્ષાબેન દેશમુખ, સરપંચ હરેન્દ્રસિંહ દેશમુખ અને પોલીસ ઇન્સ્પેક્ટર આર.સી. વસાવાએ મુખ્ય અતિથિ તરીકે સ્થાન શોભાવ્યું હતું. મહેમાનોએ વિદ્યાર્થીઓના કૌશલ્યના વખાણ કર્યા હતા અને વાલીઓને શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. મોટી સંખ્યામાં હાજર રહેલા વાલી મિત્રો અને નગરજનોએ બાળકોની રજૂઆતોને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. કાર્યક્રમના અંતે સંચાલક ઉપેન્દ્રભાઈ ગોહિલે પ્રાસંગિક પ્રવચન આપતા સૌ મહેમાનો અને વાલીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે ખાસ કરીને શિક્ષણગણની મહેનતને બિરદાવી હતી, જેના કારણે આટલો ભવ્ય કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થઈ શક્યો.




# ખેડાના સેવાલિયામાં ગેરકાયદે કતલખાના પર દરોડો: 800 કિલો માંસ જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લાના સેવાલિયા પોલીસ મથકની હદમાં આવતા અંગાડી પહાડીયા ગામે ગેરકાયદે કતલખાના પર પોલીસે ઓચિંતો દરોડો પાડી મોટી સફળતા મેળવી છે. એલસીબી પોલીસની ટીમે બાતમીના આધારે એક રહેણાંક પરિસરમાં તપાસ હાથ ધરતા ત્યાં પશુઓની ગેરકાયદે કતલ થતી હોવાનું સામે આવ્યું હતું. દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી આશરે ₹1.36 લાખની કિંમતનું 800 કિલો માંસ કબજે કર્યું છે. આ ઉપરાંત 8 નંગ પશુ ચામડા, હાડકાં અને શીંગડાં ભરેલા 50 કોથળા પણ મળી આવ્યા છે. પોલીસે કતલ માટે વપરાતા 2 લાકડાના ટેબલ, 20 જેટલી નાની-મોટી છરીઓ, લોખંડના સળિયા અને વજનકાંટા સહિત કુલ ₹1,46,230 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે ઇરફાન ઇબ્રાહિમ બેલીમ, ઇલિયાસ મોહમ્મદ બેલીમ, સાહિદ ઇબ્રાહિમ બેલીમ અને સદ્દામ ઇસ્માઇલ કુરેશી સામે ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ, પશુઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ કાયદો અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. આ કામગીરીમાં એલસીબીના પીઆઈ વેકરીયા, પીએસઆઈ રાવલ અને તેમની ટીમ સફળ રહી હતી. હાલમાં ફરાર આરોપીઓને પકડવા માટે પોલીસ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરવામાં આવી છે.




**ખેડા એલસીબીએ સેવાલિયાના અંગાડી પહાડીયામાં ગેરકાયદે ચાલતા કતલખાના પર દરોડો પાડી 800 કિલો માંસ અને કતલ કરવાના સાધનો જપ્ત કર્યા છે. પોલીસે કુલ ₹1.46 લાખનો મુદ્દામાલ કબજે કરી ફરાર ચાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.**

# વાગરાના સાયખા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ભવ્ય રક્તદાન શિબિર યોજાઈ

## વાગરા: સાયખા ઇન્ડસ્ટ્રીઝમાં રક્તદાન શિબિર, 300 યુનિટ રક્ત એકત્ર

**દૈનિક પલ્સ સમાચાર:** વાગરા તાલુકાના સાયખા ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં સામાજિક ચેતના અને માનવસેવાનો સંગમ જોવા મળ્યો હતો. સાયખા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા રેડક્રોસ બ્લડ બેંકના સહયોગથી એક ભવ્ય અને સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ઔદ્યોગિક વિકાસની સાથે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવાની ભાવના સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ એકમંચ પર જોવા મળ્યા હતા. આ શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે ડી.વાય.એસ.પી. પી.એલ. ચૌધરી, વાગરા પી.આઈ. એચ.બી. ગોહિલ, ટ્રાફિક પી.એસ.આઈ. એસ.બી. સરવૈયા અને શી-ટીમના અધિકારીઓ તેમજ જીપીસીબી (GPCB) ના સભ્યો વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. અધિકારીઓએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રક્તનું કોઈ કારખાનું હોતું નથી, તે માત્ર માનવ દ્વારા દાન આપીને જ મેળવી શકાય છે, તેથી આવા આયોજનો સમાજ માટે અત્યંત અનિવાર્ય છે. સાયખા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન હેઠળની વિવિધ કંપનીઓના સેંકડો કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક રક્તદાનમાં ભાગ લીધો હતો. શિબિરમાં શિસ્તબદ્ધ રીતે રક્તદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં બપોરે 12 વાગ્યા સુધીમાં જ 300 જેટલા યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. રક્તદાતાઓ માટે આરોગ્ય તપાસ, બેસવાની વ્યવસ્થા અને અલ્પાહારનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

એસોસિએશનના આગેવાનોએ આ સફળતા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે સાયખા વિસ્તાર માત્ર ઉદ્યોગો માટે જ નહીં પરંતુ સામાજિક સેવાના કાર્યોમાં પણ અગ્રેસર રહે તેવો અમારો પ્રયાસ છે. આગામી સમયમાં પણ આરોગ્ય, શિક્ષણ અને પર્યાવરણને લગતા સેવાભાવી કાર્યક્રમો યોજવાની ખાતરી એસોસિએશન દ્વારા આપવામાં આવી હતી. આ રક્તદાન શિબિરે ઔદ્યોગિક જગત અને માનવતાના સંબંધોને વધુ મજબૂત કર્યા છે.


રિપોર્ટ : શૈલેષ સોલંકી

**વાગરા તાલુકાના સાયખા ઇન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં સાયખા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા માનવસેવાના હેતુથી સ્વૈચ્છિક રક્તદાન શિબિર યોજવામાં આવી હતી. રેડક્રોસ બ્લડ બેંકના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં ડી.વાય.એસ.પી. પી.એલ. ચૌધરી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શિબિર દરમિયાન કર્મચારીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને માત્ર બપોરે 12 વાગ્યા સુધીમાં જ 300 યુનિટ રક્તદાન નોંધાયું હતું. મહેમાનોએ રક્તદાતાઓને બિરદાવ્યા હતા. એસોસિએશને આગામી સમયમાં પણ આવા સેવાભાવી કાર્યો ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.**

# વાવ-બુકણા રોડના વિલંબ અને ધૂળથી જનતામાં ફાટી નીકળ્યો ભારે આક્રોશ

**દૈનિક પલ્સ સમાચાર:** વાવ તાલુકામાં માર્ગ અને મકાન વિભાગની ઘોર બેદરકારીનો નમૂનો એટલે વાવ-બુકણા અસારા કસ્ટમ રોડ. આ મહત્વના માર્ગ પર લોદરાણી સુધીનું કામ સાત-સાત મહિનાથી લટકેલું છે. કોન્ટ્રાક્ટરની આડોડાઈ અને તંત્રના આશીર્વાદને કારણે સ્થાનિકો ધૂળ ફાકવા મજબૂર બન્યા છે.

પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે રોડ પર ઉડતી ધૂળને કારણે વિઝિબિલિટી ઘટી જાય છે, જેનાથી રાત્રિના સમયે વાહન ચલાવવું એટલે મોતના મોઢામાં જવા સમાન છે. અનેક ટુ-વ્હીલર ચાલકો ધૂળને કારણે પલટી મારી રહ્યા છે. ખીમાણાવાસના સરપંચ વરધાજી ગોહિલે આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, કોન્ટ્રાક્ટરની મનમાનીને કારણે પ્રજા હેરાન થઈ રહી છે. ઓવરલોડ વાહનોના પરિવહને કરોડોના ખર્ચે બનેલા આરસીસી રોડના કુરચા ઉડાડી દીધા છે, છતાં કોઈ તપાસ થતી નથી. સરપંચે લેખિત રજૂઆત કરી છે કે કામગીરી દરમિયાન નિયમિત પાણીનો છંટકાવ કરવામાં આવે જેથી લોકોને શ્વાસ લેવામાં અને વાહન ચલાવવામાં સરળતા રહે. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? જનતા હવે આ અધૂરા કામથી ત્રાસી ગઈ છે અને વહેલી તકે નિકાલની માંગ કરી રહી છે.


રીપોર્ટ : વશાભાઈ વાલડીયા




## દૂધ મંડળીમાં ₹28.73 લાખની ઉચાપત બદલ બે સામે ફરિયાદ

પ્રાંતિજ સ્થિત ધી નવાપુરા (વા) દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં આર્થિક ગેરરીતિની ગંભીર ઘટના નોંધાઈ છે. મંડળીના જવાબદાર હોદ્દેદારોએ જ સભાસદોના નાણાંમાં ઉચાપત કરી હોવાની એફઆઈઆર પ્રાંતિજ પોલીસ મથકે નોંધાઈ છે. મુખ્ય આરોપી તરીકે સેક્રેટરી રણજીતસિંહ મકવાણા અને ચેરમેન ગાંડાજી મકવાણાના નામ સામે આવ્યા છે. આરોપીઓએ વર્ષ 2023 થી 2025 ના સમયગાળા દરમિયાન મંડળીના રેકોર્ડમાં હેરાફેરી કરી ₹28.73 લાખથી વધુની રકમ પોતાના અંગત ઉપયોગમાં લીધી હતી. આ ઉચાપતમાં સ્ટોક વેચાણની રકમ, બિલ્ડિંગ ઘસારો ફંડ અને ગ્રાહકોની એડવાન્સ રકમનો સમાવેશ થાય છે જે મંડળીના ચોપડે જમા કરવામાં આવી ન હતી. ઓડિટ દરમિયાન આ કૌભાંડ બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. પોલીસે સાક્ષીઓના નિવેદન લેવા અને દસ્તાવેજી પુરાવા એકત્ર કરવાની કામગીરી શરૂ કરી છે. આ કૌભાંડમાં અન્ય કોઈ વ્યક્તિઓની સંડોવણી છે કે કેમ તે અંગે પણ ઊંડી તપાસ કરવામાં આવી રહી છે.

## રાજકોટમાં વધુ ચાર બાંગ્લાદેશી મહિલાઓ ઝડપાઈ

રાજકોટમાં ગેરકાયદેસર ઘૂસણખોરી કરી વસવાટ કરતા વિદેશી નાગરિકો સામે પોલીસની કડક કાર્યવાહી ચાલી રહી છે. આ ડ્રાઈવ અંતર્ગત SOG એ બાતમીના આધારે આજીડેમ વિસ્તારમાંથી 4 બાંગ્લાદેશી મહિલાઓની અટકાયત કરી છે. આ મહિલાઓ છેલ્લા એક સપ્તાહથી રાજકોટમાં રહેતી હતી અને તેમની પાસે ભારતીય નાગરિકતાના કોઈ આધાર પુરાવા નહોતા.

તપાસમાં સામે આવ્યું છે કે તેઓ એજન્ટોના નેટવર્ક દ્વારા પશ્ચિમ બંગાળ થઈ રાજકોટ પહોંચી હતી. આ અંગે ઉચ્ચ એજન્સીઓને જાણ કરવામાં આવી છે અને હવે તેમને ડિપોર્ટ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે 8 મહિના પહેલા પણ રાજકોટમાંથી 34 બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે ઘૂસણખોરો સામેની આ ડ્રાઈવ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવા સંકેત આપ્યા છે.

## પંચહાટડીયામાં ઘરફોડ ચોરી, જૂના સિક્કા અને વાસણોની ચોરી

ઇડર શહેરમાં તસ્કરોએ ફરી એકવાર બંધ મકાનને નિશાન બનાવીને પોલીસને પડકાર ફેંક્યો છે. પંચહાટડીયા વિસ્તારમાં રહેતા 81 વર્ષીય વૃદ્ધ રસીકલાલ ભાયચંદ દોશીના રહેણાંક મકાનમાં પાંચ દિવસના ગાળામાં ચોરીની ઘટના બની હતી. રસીકલાલ 11 ફેબ્રુઆરીએ સવારે મકાન બંધ કરીને ગયા હતા, ત્યારબાદ 16 ફેબ્રુઆરીએ સવારે પરત ફરતા ઘરનો સામાન વેરવિખેર જોવા મળ્યો હતો. તપાસ કરતા માલુમ પડ્યું હતું કે, તસ્કરો ઘરમાંથી પેઢી દર પેઢી જાળવી રાખેલા જૂના પિત્તળ અને તાંબાના વાસણો (કિંમત ₹35,000) તેમજ રજવાડા કાળના ચાંદીના સિક્કા (કિંમત ₹18,000) ચોરી ગયા છે. આમ, કુલ ₹53,000ની ઘરવખરીની ચોરી થઈ છે. આ મામલે ઇડર પોલીસે બી.એન.એસ.ની કલમ 305 અને 331(4) હેઠળ ગુનો દાખલ કર્યો છે. પુરાવા મેળવવા માટે એફએસએલ (FSL) અને ડોગ સ્ક્વોડની મદદ લેવામાં આવી રહી છે. તેમજ આસપાસના સીસીટીવી ફૂટેજ પણ ચકાસવામાં આવી રહ્યા છે. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**




# જાયન્ટ્સ મહેસાણા: 110 વૃદ્ધાઓ માટે એક દિવસીય પ્રવાસનું આયોજન

**દૈનિક પલ્સ સમાચાર:** જાયન્ટ્સ ગ્રુપ ઓફ મહેસાણા દ્વારા સમાજલક્ષી કાર્યના ભાગરૂપે 110 વૃદ્ધા માતાઓ માટે એક દિવસીય પ્રવાસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં શ્રી નવીનચંદ્ર ગુપ્તા સાહેબનો મુખ્ય સહયોગ રહ્યો હતો. આ પ્રવાસમાં મહેસાણા પંથકના ગ્રામ્ય વિસ્તારોમાંથી 60 વર્ષથી વધુ વયની અને આર્થિક રીતે મધ્યમ પરિવારની વૃદ્ધાઓને જોડવામાં આવી હતી.

પ્રવાસના રૂટમાં ઉત્તર ગુજરાતના પ્રખ્યાત તીર્થધામોનો સમાવેશ કરાયો હતો. યાત્રિકોએ ઊંઝા ઉમિયા માતાના દર્શન બાદ ઐઠોરમાં ગણપતિ દાદાના આશીર્વાદ લીધા હતા, જ્યાં તેમને ચા-નાસ્તાની વ્યવસ્થા અપાઈ હતી. ત્યારબાદ તરભના નવનિર્મિત વાળીનાથ મહાદેવ અને લાડોલમાં હરસિદ્ધ માતાના દર્શન કર્યા હતા. લાડોલમાં મિષ્ટાન સાથે ભોજન માણ્યા બાદ યાત્રા આગળ વધી હતી. આગલોડમાં મણિભદ્રવીર અને અંતે મહુડીમાં ઘંટાકર્ણ મહાવીરના દર્શન તેમજ સુખડીના પ્રસાદ સાથે યાત્રા સંપન્ન થઈ હતી. સમગ્ર પ્રવાસ દરમિયાન ગરમીથી રાહત આપવા દરેકને આઈસ્ક્રીમ પણ આપવામાં આવ્યો હતો. જાયન્ટ્સ ગ્રુપના સભ્યોએ વડીલોની વૈયક્તિક કાળજી રાખી હતી. પ્રવાસના અંતે તમામ વડીલો ખૂબ જ આનંદિત જોવા મળ્યા હતા અને સંસ્થાના સભ્યો તેમજ પ્રમુખશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સુંદર આયોજન બદલ મહેસાણા પંથકમાં જાયન્ટ્સ ગ્રુપની કામગીરીની પ્રશંસા થઈ રહી છે.




# શિયાળના શિકાર પ્રકરણમાં પાલનપુર કોર્ટે આરોપીની જામીન અરજી ફગાવી

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લાના દાંતા પૂર્વ રેન્જમાં વન્યજીવોના શિકાર મામલે વન વિભાગે કરેલી કામગીરીને અદાલતે પણ બિરદાવી છે. શિયાળના શિકાર અને તેના અવશેષોના ગેરકાયદેસર વેચાણના કેસમાં પકડાયેલા આરોપીએ પાલનપુરની સેસન્સ કોર્ટમાં જામીન મેળવવા અરજી કરી હતી. જેની સુનાવણી તાજેતરમાં હાથ ધરાતા સેકન્ડ એડિશનલ સેસન્સ જજ શ્રી કાનાણીએ જામીન અરજી નામંજૂર કરતો આદેશ કર્યો છે.

આ કેસની વિગત મુજબ, વન વિભાગની ટીમે બાતમીના આધારે દરોડા પાડીને શિયાળના શિકારના આખા રેકેટનો પર્દાફાશ કર્યો હતો. વન અધિકારી વી.એલ. ચૌધરીએ આ મામલે સઘન તપાસ કરી ચાર્જશીટ રજૂ કરી હતી. કોર્ટમાં સુનાવણી દરમિયાન જજ સાહેબે કડક શબ્દોમાં નોંધ્યું હતું કે, વન્યપ્રાણીઓની હત્યા સમાજ અને પર્યાવરણ પર લાંબા ગાળાની ખરાબ અસર કરે છે. સરકારી વકીલની ધારદાર દલીલો અને વન વિભાગે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને રાખીને કોર્ટે જામીન અરજી ફગાવી દીધી હતી. વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે કોર્ટના આ કડક વલણને કારણે વન્યજીવ સંરક્ષણના કાયદાઓનો પ્રભાવ વધશે. આ કેસમાં આરોપીને જેલ હવાલે રાખવા પાછળનો હેતુ આવા ગુનાઓનું પુનરાવર્તન અટકાવવાનો છે. વન્યજીવોની રક્ષા માટે વન વિભાગની આ મોટી સફળતા માનવામાં આવે છે.


રિપોર્ટ : વિશાલ ચૌહાણ

# શક્તિપીઠ અંબાજીમાં 'જય અંબે તિથિ ભોજન' યોજનાનો ભવ્ય શુભારંભ

## અંબાજી તિથિ ભોજન યોજના: પ્રથમ દિવસે ₹30 કરોડનું દાન

**દૈનિક પલ્સ સમાચાર:** પ્રસિદ્ધ યાત્રાધામ અને 51 શક્તિપીઠોમાં આદ્ય શક્તિપીઠ ગણાતા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા એક ઐતિહાસિક સેવા પ્રવૃત્તિનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર અને મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી મિહિર પટેલના હસ્તે 'જય અંબે તિથિ ભોજન' યોજનાને ખુલ્લી મુકવામાં આવી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય અંબાજી આવતા લાખો શ્રદ્ધાળુઓને વધુ સારી રીતે નિ:શુલ્ક ભોજન પ્રસાદની સુવિધા પૂરી પાડવાનો છે.

આ યોજનાના લોન્ચિંગના પ્રથમ દિવસે જ દાતાઓની ઉદારતાના કારણે ટ્રસ્ટને ₹30 કરોડથી વધુનું માતબર દાન પ્રાપ્ત થયું છે. આ સેવાકીય કાર્યમાં સૌથી મોટું યોગદાન રિલાયન્સ ફાઉન્ડેશનના શ્રી અનંત અંબાણીએ ₹27.50 કરોડનું દાન આપીને આપ્યું છે. આ ઉપરાંત અન્ય ભક્તો દ્વારા પણ લાખોની રકમ અર્પણ કરવામાં આવી છે, જેમાં અમદાવાદના એક દાતાએ ₹52 લાખનું યોગદાન આપ્યું છે. આ પ્રસંગે કલેક્ટર મિહિર પટેલે પોતે શ્રદ્ધાળુઓને ભોજન પીરસીને આ ઉમદા કાર્યની શરૂઆત કરી હતી અને દાતાઓનું સન્માન કર્યું હતું.

યોજનાની વિગતવાર માહિતી આપતા વહીવટદાર કૌશિક મોદીએ જણાવ્યું કે, જે દાતા ₹1.51 લાખનું દાન અર્પણ કરશે, તેઓ આજીવન તે નિશ્ચિત તિથિના મુખ્ય દાતા તરીકે નોંધાશે. દર વર્ષે તે નિર્ધારિત દિવસે અન્નક્ષેત્રમાં દાતાના નામની તકતી લગાવવામાં આવશે. માઈભક્તો પોતાના પરિવારના યાદગાર પ્રસંગો કે પુણ્યતિથિ નિમિત્તે આ ભગીરથ કાર્યમાં સહભાગી થઈ શકે છે. વર્તમાન સમયમાં 'અંબિકા અન્નક્ષેત્ર' ખાતે દરરોજ સવારે 10:30 થી 3:00 અને સાંજે 6:00 થી 9:30 દરમિયાન શુદ્ધ ભોજન પીરસાય છે. સામાન્ય દિવસોમાં 6 હજાર અને પૂનમ કે અષ્ટમી જેવા વિશેષ દિવસોમાં 8 હજાર જેટલા ભક્તો પ્રસાદ લે છે. મેનુમાં પૂરી-શાક, દાળ-ભાત સાથે માતાજીના પ્રિય પ્રસાદ 'મોહનથાળ'નો પણ સમાવેશ કરવામાં આવે છે. 'અન્નદાન એ જ સૌથી મોટું દાન' છે તેવી ભાવના સાથે શરૂ થયેલી આ યોજનાને ભક્તોએ ખૂબ જ બિરદાવી છે. આ કાર્યક્રમમાં મદદનીશ કલેક્ટર હરિણી કે.આર., મંદિર ટ્રસ્ટનો સ્ટાફ અને મોટી સંખ્યામાં દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ યોજનાથી અંબાજી આવતા શ્રદ્ધાળુઓની ભક્તિ સાથે સુવિધામાં પણ મોટો વધારો થશે.


રિપોર્ટ : વિશાલ ચૌહાણ

**બનાસકાંઠા કલેક્ટર મિહિર પટેલના હસ્તે અંબાજી ખાતે 'જય અંબે તિથિ ભોજન' યોજના ખુલ્લી મુકાઈ છે. પ્રથમ દિવસે જ ₹30 કરોડથી વધુનું દાન મળ્યું છે, જેમાં રિલાયન્સ ફાઉન્ડેશનના અનંત અંબાણીએ ₹27.50 કરોડનું માતબર દાન આપી સેવાના કાર્યમાં મોટું યોગદાન આપ્યું છે.**

# ખેડબ્રહ્મામાં કમોસમી વરસાદી છાંટા: બટાકા અને ચણાના પાકમાં નુકસાન

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા શહેરમાં વાતાવરણના મિજાજમાં અચાનક બદલાવ આવતા ખેડૂતોની ચિંતામાં બમણો વધારો થયો છે. છેલ્લા બે દિવસથી વાદળછાયા વાતાવરણ બાદ આજે વહેલી સવારે પડેલા વરસાદી છાંટાએ તૈયાર પાકને નુકસાન પહોંચાડવાનું શરૂ કર્યું છે. રવિ સીઝનમાં બટાકા, રાયડા અને ચણાના પાક પર ખેડૂતોએ મોટી આશા રાખી હતી, પરંતુ કમોસમી વરસાદે આ આશાઓ પર જોખમ ઊભું કર્યું છે. પૂર્વ મંત્રી દિનેશભાઈના જણાવ્યા અનુસાર, પરિસ્થિતિ ગંભીર છે કારણ કે ઘણા ખેડૂતોએ ચણાની કાપણી કરી લીધી છે અને માલ ખેતરોમાં ખુલ્લો પડ્યો છે. સવારે પડેલા ધીમી ધારના વરસાદે આ કાપેલા પાકને પલાળી દેતા ખેડૂતો મૂંઝવણમાં મુકાયા છે. આ ઉપરાંત, પંથકમાં બટાકાનું મસમોટું વાવેતર છે, જેમાં પણ આ વાતાવરણથી રોગચાળો વધવાની શક્યતા છે. ઘઉંના પાકમાં અત્યારે છેલ્લે પાણી ચાલુ છે, તેવામાં જો વધુ વરસાદ પડે તો પાણી પીધેલા ઘઉં પવનને કારણે ખેતરમાં ઢળી પડશે, જેને કારણે દાણાની ગુણવત્તા અને ઉત્પાદન બંને પર માઠી અસર પડશે. ખેડૂતો અત્યારે કુદરત પાસે પ્રાર્થના કરી રહ્યા છે કે વાતાવરણમાં સ્થિરતા આવે અને વધુ વરસાદ ન પડે, જેથી તેમના હાથમાં આવેલો કોળિયો છીનવાઈ ન જાય.


રિપોર્ટ : વિશાલ ચૌહાણ




# વઘઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં ભારત-VISTAAR પ્લેટફોર્મનું જીવંત પ્રસારણ યોજાયું

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લાના ખેડૂતો હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના માધ્યમથી ખેતી વિષયક સમસ્યાઓનું નિરાકરણ મેળવી શકશે. વઘઇ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ભારત-VISTAAR Phase-1 ના લોન્ચિંગ પ્રસંગે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નવસારી કૃષિ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોએ જયપુર ખાતે આયોજિત મુખ્ય કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ અને રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી ભજનલાલ શર્મા દ્વારા ઓનલાઇન માધ્યમથી આ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે. ભારત-VISTAAR એક અત્યાધુનિક ડિજિટલ પ્લેટફોર્મ છે જે ખેડૂતોને તેમની માતૃભાષામાં કૃષિ સલાહ પૂરી પાડે છે. આ પ્લેટફોર્મ દ્વારા મોસમની વિગતો, ખેતપેદાશોના લાઈવ બજાર ભાવ, જમીનની તંદુરસ્તી અને સરકારી સહાયની યોજનાઓની જાણકારી સીધી ખેડૂતોના મોબાઈલ સુધી પહોંચાડવામાં આવશે.

વઘઇ KVK ના વડા ડૉ. જે. બી. ડોબરીયા અને તેમની ટીમ દ્વારા આ કાર્યક્રમમાં ઉપસ્થિત 85 થી વધુ પ્રગતિશીલ ખેડૂતોને આ AI પ્લેટફોર્મના ફાયદાઓ વિશે વિગતવાર સમજણ આપવામાં આવી હતી. ખેડૂતોને આ પ્લેટફોર્મનો મહત્તમ ઉપયોગ કરવા માટે પણ માર્ગદર્શન અપાયું હતું. આ પહેલથી ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો વચ્ચેનું અંતર ઘટશે અને ખેતીમાં સચોટ નિર્ણયો લેવામાં સરળતા રહેશે.


રિપોર્ટ:સચિન પવાર/ડાંગ

# રાજકોટ: અકસ્માતમાં યુવકનું મોત અને લૂંટેરી દુલહનનું કૌભાંડ

રાજકોટમાં અકસ્માત, છેતરપિંડી અને કરુણ મોતના બનાવો સામે આવ્યા છે. મોરબી બાયપાસ પાસે એડીબી હોટલ નજીક રોડ ઓળંગતી વખતે કારની ઠોકરે નિશાંત પંડ્યા નામના યુવકનું મોત થયું હતું. મૃતક મેટોડામાં નોકરી છોડી નવી નોકરીનું ઈન્ટરવ્યૂ આપવા જઈ રહ્યા હતા ત્યારે આ કાળમુખો અકસ્માત નડ્યો હતો. પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

શહેરમાં લૂંટેરી દુલહનનો કિસ્સો પણ ગાજ્યો છે. રૈયા રોડ પર શ્રીનાથજી ડુપ્લેક્સમાં રહેતા એક યુવક પાસેથી દલાલોએ નાગપુરની પરિણીતાને કુંવારી ગણાવી લગ્ન કરાવવાના નામે ₹2 લાખ પડાવ્યા હતા. લગ્નના થોડા દિવસો બાદ યુવતીનો પ્રથમ પતિ અને પોલીસ રાજકોટ આવતા આખું કૌભાંડ ખુલ્લું પડ્યું હતું. આ સાથે જ વાવડી વિસ્તારમાં રહેતી દિવ્યા કવા (30) નામની યુવતીએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો છે. તેની સગાઈ આઠ મહિના પહેલા જ થઈ હતી, પરંતુ આપઘાતનું કારણ હજુ અકબંધ છે. અન્ય એક કિસ્સામાં, કોઠારિયા રોડના અલ્પેશ ડોબરિયાનું જ્યુબેલી ગાર્ડનમાં મૃત્યુ થયું છે. અલ્પેશની પત્નીએ અગાઉ પોતાના ત્રણ વર્ષના ભત્રીજાની હત્યા કરી હતી અને તેને આજીવન કેદ થતા અલ્પેશ રખડતું જીવન જીવતો હતો અને દારૂના રવાડે ચડી ગયો હતો. પોલીસે આ તમામ બનાવોમાં પોસ્ટમોર્ટમ અને ફરિયાદીની પૂછપરછ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ડાંગના પીપલઘોડીમાં ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ તાલીમ શિબિર યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકારના પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા ડાંગ જિલ્લાને સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બનાવવાના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. આ અંતર્ગત આહવા તાલુકાના મહાલપાડા ક્લસ્ટરમાં સમાવિષ્ટ પીપલઘોડી ગામમાં ખેડૂતો માટે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેડૂતોને આધુનિક સમયમાં પ્રાકૃતિક ખેતીની ઉપયોગીતા અને તેના આર્થિક લાભો વિશે માહિતગાર કરાયા હતા. તાલીમમાં પ્રગતિશીલ ખેડૂતોએ જણાવ્યું હતું કે રાસાયણિક ખેતીના કારણે જમીન અને માનવ સ્વાસ્થ્ય બંને બગડી રહ્યા છે, જેનો એકમાત્ર વિકલ્પ પ્રાકૃતિક ખેતી છે. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ જીવામૃત બનાવવાની પ્રાયોગિક રીતનું નિદર્શન રહ્યું હતું. ખેડૂતોએ પોતે આ પ્રક્રિયા નિહાળી અને શીખી હતી, જે તેમને ખેતરમાં સીધી રીતે ઉપયોગી થશે. આ સાથે જ, ઝેર મુક્ત શાકભાજી અને અનાજ પકવીને કેવી રીતે લોકોનું સ્વાસ્થ્ય સારું રાખી શકાય તે અંગે પણ પ્રેરણા આપવામાં આવી હતી. વહીવટી તંત્ર દ્વારા આ રીતે ક્લસ્ટર મુજબ તાલીમ આપવાની પદ્ધતિને ખેડૂતોએ આવકારી છે. આ તાલીમથી ખેડૂતોના આત્મવિશ્વાસમાં વધારો થયો છે અને તેઓ હવે ગાય આધારિત ખેતી તરફ વળવા તૈયાર થયા છે. આગામી દિવસોમાં જિલ્લાના અન્ય ગામોમાં પણ આવી તાલીમો યોજાશે.



રિપોર્ટ:સચિન પવાર/ડાંગ

# ડાંગ પોલીસની સાયબર જાગૃતિ ઝુંબેશ: આહવા હાટ બજારમાં બેગ વિતરણ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગના આહવા ખાતે ભરાતા પરંપરાગત લશ્કરિયા હાટ બજારમાં ગતરોજ સાયબર સુરક્ષાના અનોખા પાઠ ભણાવવામાં આવ્યા હતા. ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવના નેતૃત્વ હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને લોકોની વચ્ચે જઈને સુરક્ષાનો સંદેશ આપ્યો હતો. પી.આઈ. મહેશભાઈ ઢોઢીયા અને તેમની ટીમ દ્વારા હાટ બજારમાં આવતા આદિવાસી બાંધવો અને સ્થાનિકોને ઓનલાઇન ફ્રોડથી બચવાની યુક્તિઓ શીખવવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે આજના ડિજિટલ સમયમાં સાયબર ઠગો નવા-નવા પ્રકારના સ્કેમ કોલ અને લિંક્સ દ્વારા લોકોને છેતરી રહ્યા છે. આ કાર્યક્રમમાં ડેટા પ્રાઇવસી, ઓનલાઇન બેંકિંગ સેફ્ટી અને મોબાઈલ સિક્યુરિટી જેવા મહત્વના વિષયો પર ભાર મૂકવામાં આવ્યો હતો. જાગૃતિ વધારવા માટે પોલીસ દ્વારા સ્થળ પર જ પેમ્પ્લેટ અને બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહત્વનું છે કે, છેતરપિંડીના કિસ્સામાં ગોલ્ડન અવરમાં જ ફરિયાદ કરવાથી નાણાં પરત મળવાની શક્યતા વધી જાય છે, તેથી પોલીસે ૧૯૩૦ હેલ્પલાઇન અને સાયબર પોર્ટલ વિશે લોકોને માહિતગાર કર્યા હતા. આ પ્રયાસનો મુખ્ય ઉદ્દેશ્ય અંતરિયાળ વિસ્તારના લોકોને પણ ડિજિટલ દુનિયાના જોખમોથી સુરક્ષિત રાખવાનો છે. પોલીસના આ સરાહનીય કાર્યને સ્થાનિકોએ પણ બિરદાવ્યું હતું.


રિપોર્ટ:સચિન પવાર/ડાંગ

**ડાંગ જિલ્લાના આહવા ખાતે લશ્કરિયા હાટ બજારમાં સાયબર પોલીસ દ્વારા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. પી.આઈ. મહેશભાઈ ઢોઢીયાની ટીમે લોકોને ઓનલાઇન ફ્રોડ વિશે માહિતી આપી સાયબર સેફ્ટી કીટ અને પેમ્પ્લેટનું વિતરણ કરી સાવચેત રહેવા જણાવ્યું હતું.**

# ગરાડિયા ગામ પાણીથી વંચિત: કડાણા યોજનામાં તંત્રની ઘોર બેદરકારી

## ગરાડિયા ગામને સિંચાઈ યોજનામાંથી બાકાત રાખતા ભારે રોષ




**દૈનિક પલ્સ સમાચાર:** 'સૌનો સાથ, સૌનો વિકાસ' ના સૂત્ર વચ્ચે ગરાડિયા ગામના રહીશો આજે પોતાને છેતરાયા હોય તેવું અનુભવી રહ્યા છે. કડાણા જળાશય પર આધારિત નવી ઉદ્વહન સિંચાઈ યોજના જે સંતરામપુરના પૂર્વ અને ઉત્તર ભાગના ગામો માટે આશીર્વાદરૂપ મનાય છે, તે ગરાડિયા ગામ માટે અભિશાપ સાબિત થઈ રહી છે. વાંઝિયાખૂંટ થી લઈને ભીખરપુર સુધીની પાઈપલાઈન નાખવાનું આયોજન છે, પણ આ આખા નકશામાંથી ગરાડિયા ગામનું અસ્તિત્વ જ ભૂંસી દેવામાં આવ્યું છે. ગરાડિયા ગામના લોકો પર કરવામાં આવેલી આ નરી નાઇન્સાફી છે. જ્યારે સરકાર સુજલામ સુફલામ યોજના અંતર્ગત બજેટમાં કરોડો રૂપિયાની જોગવાઈ કરે છે, ત્યારે ગરાડિયા ગામના ખેડૂતોને સિંચાઈના પાણીથી વંચિત રાખવા પાછળ કયાં કારણો જવાબદાર છે? ડુંગરાળ વિસ્તારોમાં પાણી પહોંચાડવાના નામે વાહવાહી લૂંટતું તંત્ર ગરાડિયા ગામની તરસ કેમ જોઈ શકતું નથી? સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, પાઈપલાઈન અન્ય ગામોમાં જઈ રહી છે પણ તેમના ગામને કનેક્શન આપવામાં આવતું નથી, જે સીધો ભેદભાવ દર્શાવે છે. આ યોજનાથી વંચિત રહેવાથી ખેતીના પાકને તો નુકસાન જશે જ, પણ સાથે પશુપાલન માટે પણ મુશ્કેલીઓ સર્જાશે. રહીશોનો પ્રશ્ન છે કે શું તેમના ગામના મતની કોઈ કિંમત નથી? તંત્ર અને રાજકીય નેતાઓની મિલીભગતને કારણે ગરાડિયા ગામ આજે અન્યાયનો ભોગ બન્યું છે. જો વહીવટી તંત્ર તાત્કાલિક અસરથી આ યોજનાના નકશામાં ગરાડિયા ગામનો સમાવેશ નહીં કરે, તો આ મામલો વધુ ગરમાઈ શકે છે. ગામના લોકો હવે ન્યાય માટે ગાંધીનગર સુધી રજૂઆત કરવાના મૂડમાં છે. તંત્રની આ સંવેદનહીનતા સામે ગરાડિયા ગામના રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. **રિપોર્ટ : કેતન પટેલ**

**વિકાસના પોકળ દાવાઓ વચ્ચે ગરાડિયા ગામના લોકો આજે પણ પાણી માટે ટળવળી રહ્યા છે. કડાણા જળાશય આધારિત ઉદ્વહન સિંચાઈ યોજના દ્વારા સંતરામપુર અને કડાણાના અનેક ગામોને પાઈપલાઈનથી જોડવામાં આવ્યા છે, પરંતુ ગરાડિયા ગામને જાણીજોઈને બાકાત રાખવામાં આવ્યું છે. સુજલામ સુફલામ યોજનાના બજેટમાં મોટી જોગવાઈઓ છતાં આ ગામને કેમ વંચિત રાખવામાં આવ્યું? તે એક ગંભીર પ્રશ્ન છે. સ્થાનિક રહીશો તંત્રના આ ભેદભાવભર્યા વલણ સામે આંદોલનના મૂડમાં છે.**

# હિંમતનગરમાં ઉદેપુર-અસારવા વંદે ભારત એક્સપ્રેસનું ભવ્ય અને ઉત્સાહભેર સ્વાગત

**દૈનિક પલ્સ સમાચાર:** રેલવે મંત્રાલય દ્વારા રાજસ્થાન અને ગુજરાતને જોડતી નવી ઉદેપુર-અસારવા વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે હિંમતનગર રેલવે સ્ટેશન ખાતે એક ભવ્ય સ્વાગત સમારોહ યોજાયો હતો. જેમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સાંસદ શોભના બારૈયા, રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારા, હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલા તેમજ જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંહ સાદુ સહિતના મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. તમામ પદાધિકારીઓએ હર્ષોલ્લાસ સાથે ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી.

લોકસભા સાંસદ શોભના બારૈયાએ આ પ્રસંગે માહિતી આપી હતી કે 18 ફેબ્રુઆરી, બુધવારથી અસારવા-ઉદેપુર વંદે ભારત એક્સપ્રેસની નિયમિત સેવા શરૂ થઈ ગઈ છે. આજે સવારે આ ટ્રેન હિંમતનગર રેલવે સ્ટેશન પર તેના નિયમિત સમય કરતાં 15 મિનિટ વહેલી એટલે કે 8:50 કલાકે આવી પહોંચી હતી. ટ્રેનની અંદર અત્યાધુનિક સુવિધાઓ હોવા છતાં, પ્રથમ દિવસે મુસાફરોની સંખ્યા પ્રમાણમાં ઓછી જોવા મળી હતી. રેલવે વિભાગના અધિકારીઓએ આશા વ્યક્ત કરી છે કે આ રૂટ પર વંદે ભારતની ઝડપ અને સુવિધાને કારણે આગામી સમયમાં મુસાફરોનો પ્રવાહ ચોક્કસપણે વધશે. આ ટ્રેન શરૂ થવાથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પ્રવાસન અને વેપાર ક્ષેત્રને મોટો વેગ મળશે તેવી પણ અપેક્ષા રાખવામાં આવી રહી છે.







# નડિયાદ કસાઈવાડામાં ગૌ માંસ સાથે 5 શખ્સો ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદના હૃદય સમાન પાંચ હાંટડી વિસ્તારમાં માનવતા અને કાયદાનો જરાય ખોફ ન હોય તેમ ગેરકાયદે પશુ કતલનું કાળું બજાર ધમધમી રહ્યું હોવાનું સામે આવ્યું છે. ટાઉન પોલીસને મળેલી સચોટ બાતમીના આધારે કસાઈવાડામાં દરોડો પાડતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. મહંમદસલીમ ગુલામહુસેન કુરેશીના રહેણાંક મકાનમાં જ પશુઓની કતલ કરી ગૌ માંસનું વેચાણ કરવામાં આવતું હતું.

પોલીસે સ્થળ પરથી 360 કિલો ગૌ માંસ કબજે કર્યું છે, જેની કિંમત ₹36,000 આંકવામાં આવી છે. આ ઉપરાંત લોહીથી ખરડાયેલા મોટા છરા, છરીઓ, ધાર કાઢવાના પથ્થર અને વજનકાંટા જેવો સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે. આ ઘૃણાસ્પદ પ્રવૃત્તિમાં સંડોવાયેલા બે પુરુષો અને ત્રણ મહિલાઓ સામે પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શું નડિયાદમાં આવા ગેરકાયદે ધંધા પોલીસના નાક નીચે લાંબા સમયથી ચાલી રહ્યા હતા? તે એક મોટો પ્રશ્ન છે.




# ઈડર-સદાતપુરા રેલવે અંડરપાસ માટે સરકાર દ્વારા કરોડની ગ્રાન્ટ મંજૂર

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના ઇડર પંથકમાં વાહનચાલકો માટે રાહતના સમાચાર આવ્યા છે. સાંસદ શોભના બારૈયા દ્વારા લોકસભામાં જિલ્લાના વિવિધ પડતર પ્રશ્નો અને સમસ્યાઓ અંગે કેન્દ્ર સરકાર સમક્ષ સચોટ રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતોને ધ્યાને લઈને રેલવે મંત્રાલયે સદાતપુરાથી ઇડર તરફ આવતા રેલવે અંડરપાસના નિર્માણ માટે ₹8.70 કરોડની મંજૂરી આપી છે. આ વિસ્તારમાં અંડરપાસની સમસ્યા વર્ષો જૂની છે. અગાઉના માળખામાં વરસાદી પાણીના ભરાવાને કારણે લોકોએ જીવના જોખમે અવરજવર કરવી પડતી હતી. અનેકવાર નાના-મોટા અકસ્માતો પણ સર્જાતા હતા. સાંસદ શોભના બારૈયાના પ્રયત્નોથી હવે આ સમસ્યાનો અંત આવવાની આશા જાગી છે. કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલી આ ગ્રાન્ટથી અંડરપાસનું કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. જોકે, સ્થાનિક લોકોમાં એ ચર્ચા પણ છે કે શું આ વખતે એન્જિનિયરિંગમાં એવો સુધારો કરવામાં આવશે જેથી ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા ફરી ન સર્જાય? સરકાર દ્વારા લેવાયેલો આ નિર્ણય પ્રશંસનીય છે, પરંતુ કામની ગુણવત્તા અને પાણીના નિકાલની વ્યવસ્થા જ આ પ્રોજેક્ટની સફળતા નક્કી કરશે. હાલમાં તો સાંસદની આ સક્રિયતાને કારણે જિલ્લાના વિકાસ કાર્યોમાં નવી ગતિ જોવા મળી રહી છે. **રિપોર્ટ : જનક જાદવ**

## તલોદની સોસાયટીમાંથી ₹50 હજારની બાઇક ચોરાઈ

તલોદમાં રહેતા હિમાંશુ શાંતિલાલ મિસ્ત્રીએ પોતાની બાઇક ચોરી અંગે અજાણ્યા બે ઇસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ઘટનાની વિગત મુજબ, ગત 12 ફેબ્રુઆરી 2026ના રોજ વહેલી સવારે બાલાજી ગ્રીન પાર્ક સોસાયટીમાંથી તેમની ₹50,000ની કિંમતની બજાજ પલ્સર મોટરસાયકલ ચોરાઈ હતી. ફરિયાદી તે સમયે સામાજિક લગ્ન પ્રસંગમાં હોવાથી તાત્કાલિક ફરિયાદ કરી શક્યા ન હતા, જે બાદ તેમણે ઓનલાઇન માધ્યમથી ઈ-એફઆઈઆર દાખલ કરી હતી. આ મામલે બી.એન.એસ. (BNS) કલમ 303(2) અને 54 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે, જેમાં ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ અને મોબાઈલ ટાવર ડમ્પ ડેટાનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. સાથે જ, અગાઉ વાહન ચોરીમાં પકડાયેલા ગુનેગારોની પણ તપાસ ચાલી રહી છે. ચોરીની આ ઘટનાથી સોસાયટીના રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને રાત્રિ પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠી રહી છે. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**

# સાબરકાંઠા જિલ્લાની આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા હાથ ધરવામાં આવેલી મતદાર યાદી સુધારણા ઝુંબેશ સાબરકાંઠા જિલ્લામાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર લલિત નારાયણ સિંહ સાદુની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં જિલ્લાની આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ નવી યાદી મુજબ સાબરકાંઠા જિલ્લામાં હવે કુલ 10,77,301 મતદારો નોંધાયા છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી બી.એલ.ઓ. દ્વારા બુથ લેવલે નામ ઉમેરવા, કમી કરવા કે સુધારા કરવાની કામગીરી ચાલી રહી હતી. આ પ્રક્રિયા પૂર્ણ થતા હવે આગામી સમયમાં યોજાનારી નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓનો માર્ગ મોકળો બન્યો છે. વહીવટી તંત્ર દ્વારા મતદાર યાદીના આંકડા જાહેર કરવામાં આવતા હવે રાજકીય પક્ષો પણ ચૂંટણીલક્ષી તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. ટૂંક સમયમાં જ ચૂંટણી પંચ દ્વારા વિધિવત રીતે ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે.




# રઘુવીર સેના દ્વારા વેલેન્ટાઈન ડે પર માતૃ પૂજનનો પ્રેરણાદાયી કાર્યક્રમ

**દૈનિક પલ્સ સમાચાર:** રઘુવીર સેના મહિલા પાંખ દ્વારા વેલેન્ટાઈન ડે નિમિત્તે વિનાયક આશ્રમ ખાતે માતૃ પૂજન અને વડીલ વંદનાનો વિશેષ કાર્યક્રમ યોજી ભારતીય સંસ્કૃતિના અનોખા દર્શન કરાવ્યા હતા. પશ્ચિમી સંસ્કૃતિના વધતા પ્રભાવ સામે સંસ્કારોનું સિંચન કરવાના ઉમદા હેતુથી આ કાર્યક્રમ આયોજિત થયો હતો.

કાર્યક્રમની શરૂઆત વડીલોના હસ્તે દીપ પ્રાગટ્ય અને રાષ્ટ્રગાનથી થઈ હતી. ત્યારબાદ ભાવભીના માહોલમાં માતાઓનું પૂજન કરી આશીર્વાદ લેવામાં આવ્યા હતા. આ પ્રસંગે સામાજિક જવાબદારી અને રાષ્ટ્રપ્રેમનો સમન્વય જોવા મળ્યો હતો; ઉપસ્થિતોએ પુલવામા હુમલાના શહીદ જવાનોને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. સાથે જ સ્વ. દિનેશભાઈ દેવાણીના માનમાં મૌન પાળ્યું હતું. બાળકોમાં ઉત્સાહ વધારવા ગેમ્સનું આયોજન પણ કરાયું હતું. પ્રેસિડેન્ટ ચેતનાબેન રામાણી અને મહિલા પાંખ પ્રમુખ સોનલબેન સોઢાના માર્ગદર્શન હેઠળ કમિટી સભ્યોએ કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું. મીનાબેન ગોટેચા, ચેતનાબેન તન્ના અને અન્ય બહેનોના સહકારથી આ આયોજન યાદગાર બન્યું હતું. આ કાર્યક્રમે પુરવાર કર્યું કે વડીલોનું સન્માન એ જ સાચી વંદના છે.




**વેલેન્ટાઈન ડે નિમિત્તે રઘુવીર સેના મહિલા પાંખ દ્વારા વિનાયક આશ્રમમાં માતૃ પૂજન અને વડીલ વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વડીલોનું સન્માન કરાયું હતું અને પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ભારતીય સંસ્કારોના જતનનો અહીં સુંદર સંદેશ અપાયો હતો.**